|| વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ||

# || અધ્યાત્મ ||

(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)

**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની

**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર

**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.966 466 9052

**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫

**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩

અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com

વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। આજીવન **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

## || સબ રોશન હૈ ઉસકી રોશનીસે ||

એક માણસ નદીમાં ડૂબી, આત્મહત્યા કરવા ગયો. નદીમાં કૂદવા જતાં તેને એક સૂફી ફકીર મળ્યો. તેણે પૂછ્યું; 'કેમ આત્મહત્યા કરવા તૈયાર થઈ ગયો ?' તો કહે; 'ચાહેલું ન મળ્યું, ન ચાહેલું મળ્યું માટે.' ફકીરે કહ્યું; આટલા અમથા કારણે તું પરમાત્માની વિરુદ્ધ થઈ ગયો ? એક દિવસ રોકાઈ જા. ને તે ફકીર તેને રાજા પાસે લઈ ગયો. રાજાએ કહ્યું; 'પાંચ લાખ રૂપિયા આપીશ બોલ આંખો વેચવી છે ? નાક-કાન આપીશ તો દસ લાખ આપીશ.' પેલા માણસને થયું 'મને જિન્દગીભર વસવસો જ રહ્યો કે મારી પાસે કંઈ નથી. પણ ઈશ્વરે મને કેટલું અમૂલ્ય આપ્યું છે; એનો મને અંદાઝ નથી. આંખ-નાક-કાન-હાથપગ-હૃદય. આ હવા, પાણી, તેજ, આકાશ, ધરતી, પૂરાં પંચમહાભૂત તત્ત્વ. આખું અસ્તિત્વ જ મોટો ચમત્કાર ! અરે ! આ શરીરમાં-હાડમાંસમાં નિરંતર એક ચૈતન્યદીપ જલી રહ્યો છે—આ બધું અકારણ મળ્યું છે. મેં શું કર્યું છે, આ અઢળક મેળવવા ? છતાં મને પરમાત્માએ અર્પ્યું છે—પ્રસાદરૂપે !' એનો કૃતજ્ઞભાવ ઓળખી ફકીરે કહ્યું; 'તું તારા શુદ્ધ સ્વરૂપને ઓળખ.' 'સબ રોશન હૈ ઉસકી રોશનીસે' એ જાણી, શુદ્ધ બોધ અનુભવ. તું સુખી જ છે, આનંદ-પરમાનંદરૂપ છે. બસ પ્રતીતિ કર. અહીં દુઃખનું કોઈ કારણ જ નથી. કેવળ પદાર્થો સાથેનું તાદાત્મ્ય છોડી, શુદ્ધ ચૈતન્ય સાથે તદ્રૂપ થા.

છેવટે ઊમેર્યું : 'નાનો અમથો જાગૃતિનો દીપ આખા ઘરના અંધારાને હટાવી, અજવાસ પ્રસારી શકે છે. પ્રકાશ માટે આખા ઘરને આગ લગાડવાની જરૂર નથી.'

**–(એક સૂફીકથા)**

|| ૐ યોગેશ્વરાય નમઃ ||
|| ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ||

# || સાધનાપર્વ ||
## (વિશેષાંક)

તમે જો સાચા હૃદયથી સાધનાપંથે સ્થિર રહો તો–

“God is :
Above you to bless you.
Below you to support you.
Before you to guide you.
Behind you to protect you.
Beside you to comfort you.
And He is inside you to sustain you.”



# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૫ |
| ૧. શ્રીયોગેશ્વરકથામૃત | શ્રી ‘મા’ સર્વેશ્વરી | ૬ |
| ૨. ‘મા સર્વેશ્વરી સાધનાની છે વેદી’ | ” | ૭ |
| ૩. પૂજ્યશ્રી યોગેશ્વરજીની સાધનાવિચારણા | સંપાદન | ૧૧ |
| ૪. પ.પૂ.શ્રી‘મા’ પ્રેરિત સાધનાનો– એક અભિનવ પ્રયોગ | સંકલન | ૨૧ |
| ૫. પરમ પ્રેમમયી ‘મા’ના આર્શીવચન– વરસાવતા ત્રણ પત્રો | સંકલન | ૨૩ |
| ૬. એક માસ હરિને નામ | શ્રી રાજીવ જાની | ૨૫ |
| ૭. હિમાલયની પુણ્યભૂમિમાં સાધના | શ્રી યોગેશ કવીશ્વર | ૩૧ |
| ૮. ઉત્તરકાશી સાધના-સત્કર્મપર્વ | શ્રી આશિષ જોષી | ૩૬ |
| ૯. ઉત્તરકાશી સાધનાપર્વ | શ્રી અશ્વિન કાકા | ૪૨ |
| ૧૦. અલૌકિક આંતરસંગીતનો અનુભવ | શ્રી દીપક ટેલર | ૫૪ |
| ૧૧. મુજ અશક્તની શક્તિ બન્યાં ‘મા’ | શ્રી જ્યોતિ ચતૂરાની | ૫૫ |
| ૧૨. ‘સ્વર્ગારોહણ’માં અનેરો ઉત્સવ | શ્રી જ્યોત્સ્ના ત્રિવેદી | ૫૬ |

**નિવેદન** : પૂ.શ્રી'મા' પ્રેરિત સાધનાનો એક અભિનવ પ્રયોગ

આત્મસિદ્ધિ વિના જીવનમાં આનંદ નથી, રસ નથી, ઐશ્વર્ય નથી. એ સિદ્ધ થયા પછી આખો સંસાર આત્મમય દેખાય. સંતોના સહવાસમાં સાચો આત્મપરિચય થાય છે. પૂ.શ્રી'મા' જેવાં અતિ કરુણાળુ સંતની પ્રગટ કે અપ્રગટ, પ્રત્યક્ષ કે પરોક્ષ સંનિધિની 'એક આગવી ભાષા' હોય છે. જો એ સમજી લેવાય તો 'તેઓશ્રીનાં અંતરનાં અજવાળાં' આપણી સાધનામાં સંક્રાન્ત થયા વગર રહેતાં નથી.

શ્રી સદ્‌ગુરુ ભગવંતના આ શતાબ્દી વર્ષને પૂ.શ્રી'મા'એ 'સાધનાપર્વ' તરીકે ઓળખાવી, જિજ્ઞાસુઓને સદ્‌ગ્રંથપારાયણ, મૌન, પ્રાર્થના, સ્તુતિ, પાઠ, ભજન-કીર્તન, પ્રણામ, તીર્થયાત્રા, સાઈકલયાત્રા, બાઈકયાત્રા, પદયાત્રા જેવા અનેક અવનવા સાધનાપંથો સૂચવ્યા અને એમાં સાધકોએ ભાગ લઈ, એ સર્વ 'આધ્યાત્મિક અભિયાનો' સફળ બનાવ્યાં. અને પૂજ્ય શ્રી'મા' પણ શ્રીકૃષ્ણની જેમ ભક્તોને કહેતાં રહ્યાં; 'હે પાર્થ, તને તારા (આત્મ) હિતનો બોધ જેમ જેમ વધુ ને વધુ થતો જાય છે, તેમ તેમ મારી પ્રસન્નતા પણ વધતી જાય છે.'

માર્ચ-૨૦૨૨માં પૂ.શ્રી 'મા'એ એક માસ હરિને નામ ઉત્તરકાશીમાં સાધના માટે અનામત રાખવા અનુરોધ કરી, પૂજ્યશ્રી યોગેશ્વરજીની તપશ્ચર્યાથી પુનિત બનેલાં અણુ-પરમાણુઓનો લાભ લેવા ત્યાં સ્વતંત્ર સાધના માટે પ્રેરી, ઉત્તમ વ્યવસ્થા કરી આપી.

સાધનાના આ એક અભિનવ પ્રયોગમાં સોએક જેટલા સાધકોને શામિલ થવાનો અવસર પ્રાપ્ત થયો. અને તે સૌએ એક આખો માસ એ પવિત્ર ભૂમિને પ્રભુશ્રદ્ધા અને આત્મશ્રદ્ધાથી છલકાવી દીધી. સર્વ સાધકોએ સતત અનુભવ્યું :

'સુખી મીન જહાં નીર અગાધા
જીમિ હરિ શરણ ન એકો બાધા.'



# ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

## દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ–દિન ૧૦૨

**તા. ૨૬-૨-૮૩, શનિવાર, ફાગણ સુદ ચૌદશ સં. ૨૦૩૯ ડરબન શહેર**

આજે બપોરે ભોજન બાદ દરિયાઈ સફર માટે જવાનું હતું.

ડરબનમાં નાનકડી સ્ટીમરમાં દરિયામાં ફરવાની સગવડ છે. એક કલાકના વ્યક્તિદીઠ બે રેન્ડ લે છે. બપોરે ત્રણ વાગ્યે તે સ્ટીમર ઊપડે અને ગોદીની બહાર દરિયામાં એક કલાક ફરવા લઈ જાય.

આજે દરિયાઈ તોફાન હોવાથી ગોદીમાં જ એ સ્ટીમર ફરી, તો પણ ડરબનનો દરિયાકિનારો, દીવાદાંડી, જળમાર્ગનું પ્રવેશદ્વાર વગેરે જોવા મળ્યું.

સ્ટીમરના ઉપરના ભાગમાં મુસાફરો ઊભાં હતાં, જ્યારે નીચેનો બંધ ભાગ ખાલી જ હતો. એમાં બેસવાની સીટ હતી. અમે ત્યાં જ બેઠાં.

દશ વર્ષથી અહીં ભારતથી પેસેન્જર સ્ટીમર બંધ થઈ છે. લોકો હવે પ્લેનમાં જ આવ-જા કરે છે. એકવીસ દિવસે ભારતથી અહીં જળમાર્ગે લોકો આવતા, ત્યારનાં થોડાં સ્મરણો સાંભળ્યાં.

પવન હતો. સૂર્યનારાયણ હતા. ઘણી નાની મોટી સ્ટીમરો હતી. આનંદ આવ્યો.

ત્યાંથી બોટોનિકલ ગાર્ડનમાં ગયા ત્યાં દરેક દેશનાં નાનાંમોટાં વૃક્ષો છે. અહીં ભારતની ગોરસઆમલી ને ચીકુનાં ઝાડ પણ છે. ઘણો મોટો બગીચો છે. ત્યાં થોડું બેઠાં.

આ દેશમાં આવનારા સંતો અને તેમની ખાસિયતો વિષે થોડું જાણવા મળ્યું.

ઉતારા ઉપર આવ્યાં ત્યારે પાંચ વાગી ગયા હતાં.

આજે ભારત હૉલમાં બીજું પ્રવચન હતું, જેથી પ્રવચનમાં જતાં પહેલાં ફળ લીધાં. પ્રવચન બાદ પરત આવીને દૂધ લીધું. પછી આરામ.

**હરિઃૐ**

**–પૂ.શ્રી'મા' સર્વેશ્વરી**

## ॥ 'મા' સર્વેશ્વરી સાધનાની છે વેદી ॥

**હરિ વાત કરે છે મજાની**
**સર્વેશ્વરી સંપત અમારી**
**સર્વેશ્વરીના નામની પેઢી**
**પૃથ્વી પટે અમે ધારી**
**ચહુદિશ, આઠે પ્રહર ઉઘાડી**
**દેવોએ માન્યતા દીધી...સર્વેશ્વરી**
**વિધ વિધ સાધનાની છે વેદી**
**જપ, તપ, વ્રત ને હોમાવી**
**જગને પગદંડી બનાવી**
**દેવોએ દીવડી પ્રગટાવી...સર્વેશ્વરી**
**નિત્ય પ્રભાતે શ્રીચરણે ઝુકાવી**
**મન ગમતી આશિષ અપાવી**
**જ્યાં પગ મૂકે ત્યાં અનુકૂળતાની**
**જાજમ અમે તો બિછાવી...સર્વેશ્વરી**
**મૈત્રી અમારી જન્માંતરની**
**દુનિયાથી એ તો અજાણી**
**સૌ કોઈ સમજી લેજો વધાવી**
**ચિંતા ના કરશો નકામી...સર્વેશ્વરી**
**સગાં, સ્નેહી કે ભક્ત, સ્વજનની**
**નથી એ કદી ના થનારી**
**યુગે યુગે એ રીતે પધરાવી**
**મુક્તિની મહેફિલ મનાવી...સર્વેશ્વરી**



**સ્વ સ્વરૂપે પ્રભુ લેજો સમાવી**
**પ્રાર્થના અમે તો કરાવી**
**શ્રી ગંગાજીને સાક્ષી બનાવી**
**શિવરાત્રીએ મહૉર મારી...સર્વેશ્વરી**

॥ૐ॥

**–પૂ.શ્રી'મા' સર્વેશ્વરી**

(રાગ : પ્રેમળ જ્યોતિ તારો–તા.૬–૩–૨૦૧૯)

★

## ॥ પદસમીક્ષા ॥

આ પદની ખૂબી એ છે કે પદની પ્રારંભમાં જ સ્વયં શ્રીહરિ પોતાના અનન્ય ભક્ત–'મા' સર્વેશ્વરીનું ગૌરવ કરતાં એમને 'અમારી સંપત' તરીકે ઓળખાવી; પોતાના સ્વામીત્વનો અનાયાસે મહિમા કરે છે. સ્વાભાવિક છે કે, હરિની આ વાત બહુ મજાની છે.

આ જ વાતનો વિસ્તાર કરતી બીજી પંક્તિમાં અમે 'સર્વેશ્વરી નામની પેઢી' પૃથ્વી પટે ધારી છે, સ્થાપી છે, જે ચારે દિશામાં (સર્વત્ર) તેમજ આઠે પહોર (હરહંમેશ-નિત્ય) ખુલ્લી રહે છે; સર્વ દેવોએ એને માન્યતા આપી છે, એ સર્વના સહીસિક્કા–અનુમોદન છે.

આમાં આશ્ચર્ય પામવા જેવું એટલા માટે નથી કે, આ 'મા' અલગ-અલગ સાધનાની એક વેદી છે, જેમાં જપ, તપ, વ્રત સદા હોમાતાં જ રહે છે. દેવોએ યજ્ઞની એવી દીવડી આ બહાને પ્રગટાવી

છે કે, એ જગતને પગદંડી બનાવી, પોતાનું તેજ સતત પાથર્યા કરે છે, કહો કે સમગ્ર જગતને અહર્નિશ અજવાળ્યા જ કરે છે.

નિત્ય પ્રભાતે, પ્રત્યેક સવારે (પ્રભુનાં) શ્રીચરણે ઝુકાવી, એને મનગમતા આશિષ અર્પી, જ્યાં ચરણ મૂકે ત્યાં અનુકૂળતાની જાજમ એને માટે અમે તો બિછાવી છે.

અમારો સંબંધ કંઈ આજકાલનો નથી, જન્મજન્માંતરની અમારી મૈત્રી છે, પણ દુનિયાથી એ અજાણી છે. તમે સૌ એ મૈત્રી-સખ્ય-વિશિષ્ટ સહૃદયતાના નાતાને સમજી વધાવી લેજો. નાહક ચિંતા ના કરતા. (જેનો સખા પરમ પ્રભુ સ્વયં હોય એને માટે ચિંતા કરનાર આપણે કોણ ?)

એ સગાં-સ્નેહી, ભક્ત-સ્વજન કોઈ કરતાં કોઈનાંય કદી થનાર નથી. પ્રત્યેક યુગે એ રીતે જ એનું નિર્માણ થયું છે, સ્વાતંત્ર્ય, મુક્તિની મહેફિલ મનાવી એ સદા બંધનમુક્ત-આસક્તિરહિત જ રહી છે.

છેલ્લે શ્રીહરિ કહે છે, અમે તો સર્વેશ્વરી પાસે પ્રાર્થના કરાવી છે, એ પણ શ્રી ગંગાજીને સાક્ષી રાખીને, શિવરાત્રિએ મહૉર મારીને ! તો તમે 'સ્વ-સ્વરૂપ'માં એને સમાવી લેજો. અર્થાત્ દ્વૈતભાવ પ્રાર્થનામાં-પ્રણામોમાં-જપ-તપમાં ઓગાળી દીધો છે, એટલે એને અદ્વૈત-અવિભક્ત આત્મા તરીકે અપનાવી, તમારો જ અંશ બનાવી લેજો.

જ્યારે કોઈ ભક્ત પોતાનો અહંકાર સંપૂર્ણપણે નિઃશેષ કરી, પ્રભુની સંપત, પ્રભુની વિશ્વાસુ પેઢી, બની, સાધનાના સર્વ પ્રકારોમાં હુતાશન બની, જગતને પ્રકાશ ધરે, તો પછી, એના પ્રત્યેક પ્રણામના સુફળ તરીકે સર્વ પ્રકારની અનુકૂળતા હરિ ધરે જ ધરે.

શ્રી હરિ કહે છે, આ એમની પોતે કમાયેલી પ્રાપ્તિ છે. એમાં



મારો અનુગ્રહ નથી, એમની જન્માંતરની મૈત્રીનો એ હક છે, અધિકાર છે. વળી, એ કોઈ કરતાં કોઈ સંસારી સંબંધમાં આસક્તિથી રંગાયાં નથી, રંગાશે પણ નહિ; કેમકે, સર્વબંધનમુક્ત, સ્વાતંત્ર્ય, સ્વાધીનતા ને સંપૂર્ણ અનાસક્તિને એ યુગે યુગે વરેલાં છે.

પ્રભુ જ પ્રભુને કહે છે—અમે તો 'મા' સર્વેશ્વરી પાસે જીવનભર પ્રાર્થના જ કરાવ્યા કરી છે અને તે પણ શ્રી ગંગાજીની સાક્ષીએ, શિવરાત્રિની સંનિધિમાં ! તો જે સંપૂર્ણપણે નિઃશેષ રહીને કેવળ હરિમય રહીને જ શ્વસે છે—તેને પોતાના સ્વરૂપમાં સમાવી લેવા કૃપા કરશો.

જે પ્રભુથી અલગ-પૃથક્ છે જ નહિ, જે સંસારસરસી કદી થઈ નથી, થનાર નથી એને પ્રભુ પોતાના સ્વરૂપમાં સમાવી લે, એ જ એની પ્રાર્થનાનો પ્રત્યુત્તર હોઈ શકે, કેમકે, 'મા'એ પ્રાર્થના કરી નથી, સ્વયં પ્રાર્થનાસ્વરૂપ થઈ ગયાં છે !

પ્રભુનાં બની, એનાં જ રહેવા જે જન્મોજન્મ અસ્તિત્વનો અંશેઅંશ ઓગાળી રહ્યાં છે, એનો પ્રત્યુત્તર 'સ્વ-સ્વરૂપમાં સમાવેશ' જ હોઈ શકે. સંપૂર્ણ અનાસક્ત, નિસ્પૃહી કેવળ પ્રભુપ્રેમી આત્મા માટે આ જ એકમાત્ર 'નિર્વિકલ્પ સમાધિયોગ' ઘટે.

આમ, પ્રભુ સ્વયં જ પોતાને recommend કરે છે—શ્રી 'મા' સર્વેશ્વરીને ! પોતાનામાં સમાવી લેવા, એકરૂપ કરી દેવા ! કેમકે, એ અદ્વૈત શ્રી'મા'એ પોતાના સત્ત્વબળે સ્વયં સિદ્ધ કરેલું છે. એનાથી પ્રભુની શાન-ગૌરવ-મહિમા અનેકગણાં વધી જવાનાં છે.

પ્રેમ-ભક્તિ-સમર્પણનું આટલું સુંદર, ચમત્કૃતિભર્યું પદ પૂ.શ્રી'મા'ની શ્રીકલમનું એક અનુપમ નજરાણું છે.

# ॥ પૂજ્યશ્રી યોગેશ્વરજીની સાધનાવિચારણા ॥

પૂર્વભૂમિકા :

આમ તો જન્મ પર જિંદગી શરૂ થાય છે ને મૃત્યુ પર સમાપ્ત ! આને જ આપણે આપણું 'હોવું' સમજી બેઠા છીએ. બે છેડા વચ્ચે જિંદગીની એક કિરણ ફૂટતી નથી છતાં સમજીએ છીએ કે, 'જીવતા છીએ'. પણ જેને આપણે જીવન કહીએ છીએ એ જીવન જ નથી.

હવે જે ભીતર છે એને ન જન્મ છે ન મૃત્યુ. જે જીવનની અંદર સતત વહે છે. આપણે પાણીના પરપોટા છીએ, જે બનતાં જ મટી જાય છે છતાં 'કંઈક બચી જાય છે. એ શું છે.' તેની ખોજ 'અધ્યાત્મ' છે.

માણસ ક્ષણભંગુર, એનું કાર્ય ક્ષણભંગુર. છતાં 'શાશ્વતીની ઝલક' આપે એવી એક સંપદા એની પાસે છે. પણ આ સંપદાનો એને બોધ નથી, એ સંપદા 'અમર આત્મા' છે. એ જાણવા-સમજવા સાધના કરવાની છે.

પરમાત્મા કોઈ વ્યક્તિ નથી, આકાશમાં વિરાજિત શક્તિ નથી, સૃષ્ટિના સમગ્ર અસ્તિત્વોને જોડતું તત્ત્વ છે, એનો આંતરસંબંધ સમગ્રતા સાથે છે.

પરમાત્માનો અર્થ છે, 'આપણી જે સંભાવના છે, તેની પૂર્ણતા.' અપ્રતિમ સાધનાબળે, અનવરત તપસ્યાબળે આપણા ગુરુ ભગવંત શ્રી યોગેશ્વરજી પૂર્ણ અવસ્થાને પામ્યા. સમગ્ર વિશ્વને 'અધ્યાત્મ-સંદેશ' આપ્યો; 'સતત સજગ, સાવધાન, જાગ્રત રહી, સંસારમાં સાધનામય રહો. એક જ લક્ષ્ય અસીમ, શાશ્વત, અનંત બનવાનું રાખો.'

સમાજમાં બે પ્રકારના સાધકો જોવા મળે છે :

એક માણસ એના દીકરાને કહે છે : ઊઠ્યો છે કે નહિ ?



ઘઉંના લોટમાં પેલો હલકો લોટ ભેળવી દીધો કે નહિ ?

મરચાંમાં લાકડાનો લાલ વહેર નાખી દીધો કે નહિ ?

ગૉળમાં સૂકા છાણનો ભૂકો મેળવી દીધો કે નહિ ?

દીકરાએ કહ્યું 'પિતાજી, બધું થઈ ગયું.'

તો પિતા કહે; 'ચાલ, તો મંદિર જઈ આવીએ. દુકાને જતાં મોડું ન થાય.' આ માણસ માટે મંદિર અને જીવન બે સ્પષ્ટ અલગ વિભાગો છે.'

બીજો માણસ મંદિરે જાય છે. એનું જીવન પણ ત્યાં છે, મૃત્યુ પણ ત્યાં છે. મંદિર જ ઘર ! બહાર જાય છે તો પણ મંદિરથી બહાર જઈ શકતો નથી. મંદિર એની સાથે ચાલે છે. મંદિર એના જીવનની ધારા, એના શ્વાસ-પ્રાણ છે.

એક માટે સાધના કેવળ શિષ્ટાચાર છે, દેખાવ છે, આડંબર છે. બીજા માટે સાધના ક્ષણ-ક્ષણની જાગૃતિ છે, જીવાતી સચ્ચાઈ છે.

પૂ.શ્રી યોગેશ્વરજીની અધ્યાત્મવિભાવના :

પોતાની નિર્ભ્રાન્ત, વિશદ અધ્યાત્મવિભાવનાથી 'સાધના' પરિભાષાની એક આગવી આબોહવા ઊભી કરનાર પરમ વંદનીય શ્રી યોગેશ્વરજી સ્પષ્ટ કહે છે : 'જીવનની બહાર સાધના નથી. જ્યાં જન્મ્યા, જે જગ્યાએ ઊભા છીએ એ કુટુંબની બહાર અધ્યાત્મ નથી. સવારથી રાત સુધીનું જે જીવન છે એમાં જો અધ્યાત્મની સાધના ન થઈ શકે તો એ નિરર્થક છે.'

જિજ્ઞાસા, સાધના જેવા શબ્દો નેકલેસની જેમ ગળામાં લટકાવીને ફરવાનું નથી. આત્માથી, શ્રેયાર્થી, સાધક એ કોઈ ઈલકાબ નથી, જે બહારથી મેળવાય. એ અંદરથી સમજણસ્વરૂપે ખીલી ઊઠે છે. અને તો જ એનો અર્થ છે.

પૂજ્યશ્રી યોગેશ્વરજી કહે છે તેમ;

સાધકોને ભ્રાન્તિ છે કે,

યશ, ધન, પદ મેળવવા, કષ્ટો, વ્યાધિઓ નિવારવા, કે અલૌકિક સિદ્ધિઓ પામવા સાધના કરવાની છે. પણ સત્ય એ છે કે;

તન, મન, હૃદય, આત્માના સમુચિત વિકાસ માટે સાધના કરવાની છે.

સાધનાનું મુખ્ય પ્રયોજન શું છે ?

'પરમ સત્ય'નું સ્વરૂપ 'અવિદ્યાના સુવર્ણઢાંકણ'થી ઢંકાઈ ગયું છે, એ 'ઢાંકણ' એને આવરણ, સંસ્કાર, માયા-ગમે તે નામ આપો-જેને કારણે મનુષ્ય પોતાના 'મૂળભૂત-આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરી શકતો નથી, એ કરવા માટેનો 'એક માત્ર મંગલ માર્ગ' સાધના છે.'

પોતાની અંદર તેમજ સૃષ્ટિની બહાર સર્વત્ર પરમાત્મતત્ત્વનો પ્રાણદાયક પ્રકાશ પથરાયેલો છે, 'એ શ્રેષ્ઠ શોધ' સાધનાથી શક્ય બને છે.

શ્રી શંકરાચાર્ય કહે છે તેમ 'ચિદાનંદરૂપં શિવોઽહમ્ શિવોઽહમ્' અનુભવવા સાધના આવશ્યક છે.

સાધનામાર્ગ કઠિન કે જટિલ છે ? જટિલ લાગવાનાં ત્રણ કારણો છે :

પરંપરાગત રીતે જોઈએ તો–

૧. આસનો, ષટક્રિયા, ત્રાટક, પ્રાણાયામ, મુદ્રા, ધારણા, ધ્યાન, સમાધિની પ્રક્રિયાઓ પ્રમાણમાં કઠિન છે.

૨. ગંભીર જ્ઞાનગ્રન્થોનું અધ્યયન પણ સરળ નથી.

૩. યજ્ઞયાગ, તીર્થાટનના લાભ બધા લઈ શકતા નથી.

જ્યારે 'વ્યાવહારિક સાધના'

૧. આબાલવૃદ્ધ સૌ કોઈ માટે છે.

૨. સર્વસ્થળે-ઘરમાં/વનમાં

૩. ત્યાગી કે સંસારી જેનો આધાર લઈ શકે. એવી સરળ, મંગલ, અમોઘ, આશીર્વાદરૂપ છે. આના 'એકધારા અનુષ્ઠાનનું



ફળ' સારું-સંગીન હોય છે.

વ્યાવહારિક સાધનાનું સ્વરૂપ શું છે ?

મનુષ્ય જ્યાં પણ હોય, સૌની સાથે સુમધુર, સાચો વ્યવહાર કરે. અર્થાત્ વિચાર, વાણી ને વર્તન દ્વારા કોઈને હાનિ પહોંચાડ્યા વગર, પોતાને તેમજ બીજાને ઉપયોગી થવાની સાથેસાથે 'પરમાત્માની પરમ કૃપા'નો અનુભવ કરી શકે. એ સાધનાનું સ્વરૂપ છે.

સાધનાના મુખ્ય પ્રકારો : ત્રણ

(૧) બોલવાની સાધના : સત્ય બોલવું, પ્રિય બોલવું ને સત્ય હોય છતાં અપ્રિય લાગે એવી રીતે ન બોલવું.

વળી, વાણી જ સંબંધો જોડે છે તેમજ તોડે છે. એટલે બોલતાં પહેલાં એકેએક શબ્દ પરત્વે વિવેક રાખવો, સંયમ રાખવો.

(૨) ચાલવાની સાધના :

જે પણ પગલું ભરાય તે જોઈ-વિચારી-સમજીને ભરાય. વિપથગામી ન બનાય. માર્ગનાં પ્રલોભનોનો શિકાર ન બનાય. જીવનનો પુણ્યપ્રવાસ શાંતિ-સમજણપૂર્વક થાય, બીજાને ખલેલકર્તા ન બને.

(૩) મૌનની સાધના :

શરીરને સ્વચ્છ કરવા સ્નાન, મનના વિશ્રામ માટે નિદ્રા તેમ પ્રાણના વિશ્રામ-પ્રક્ષાલન માટે 'મૌન' અનિવાર્ય.

આ મૌનમાં માત્ર વાણીની નહિ તમામ ઈન્દ્રિયોને-વિષયમાત્રને શાંત કરી દેવાનાં નહિ તો નામ વંચાયુ, રૂપ દેખાયું, કુંડલિની જાગી ગઈ, ચક્રભેદન થયું, મને સાક્ષાત્કાર થયો-આવો 'હું'નો કોલાહલ તમને અશાંત કરશે.

એટલે જ સવારના બ્રાહ્મમુહૂર્તનો સમય મૌન માટે આદર્શ ગણાયો છે. જ્યારે વ્યક્તિચેતનાને, વિશ્વચેતના તરફથી વિશેષ

સહયોગ મળે છે.

★ રોજિંદા જીવનમાં 'સાધના' કેવી રીતે વણી લેવાય ?

૧. સવારે ઊઠતાં જ પ્રભુસ્મરણ, મનન, ચિંતન, સ્તવન કરવું. નિદ્રામાં અચેત એવા આપણને જે સર્વોપરી શક્તિએ જાગ્રત કર્યા એનું કૃતજ્ઞભાવે સ્મરણ કરવું.

૨. જાગ્યા પછી શુદ્ધ સંકલ્પો-વિચારો દ્વારા અખંડ આત્મવિકાસની ભાવના રાખી, દિવસની પ્રત્યેક પળે વિવેકી, જાગ્રત રહેવું.

૩. રાત્રે સૂતી વેળા દિવસભરની પ્રવૃત્તિઓનું અવલોકન કરી, પ્રભુ સ્મરણ કરવું. શુભ સંકલ્પ કરી, શાંતિમય ઊંઘ મેળવી લેવી.

—આમ પથારી 'સુખદ સાધનાસ્થલી' ને શયનખંડ 'આરાધનાખંડ' બની જાય !

★ સર્વ દૈનિક ક્રિયાઓ પણ સાધનામાં પરિવર્તિત થઈ જાય

૧. મળવિસર્જન—શુદ્ધીકરણનો ઉપાય બની જાય. નિર્મળતાનો મહિમા સિદ્ધ કરે.

૨. સ્નાન—સર્વ પવિત્ર નદીઓના સ્મરણથી થાય તો તે તનની સાથે મનનું પણ પ્રક્ષાલન કરી રહે.

૩. ભોજન—કેવળ પેટ ભરવા નહિ, આત્માને અનુપ્રાણિત, ઉદાત્ત કરી શકે તે માટે અન્નદેવતા સામે પ્રાર્થના. એવી ભાવના કરવી કે આપણામાં સર્વોત્તમ શક્તિચેતનાનો સંચાર થાય.

જઠરાગ્નિ-વૈશ્વાનર પરમાત્માને આહુતિ આપનારું ભાવભોજન સુંદર-સુખદ સાધનાનો પર્યાય બની જાય.

★ માતા-પિતા-આચાર્યમાં દેવદર્શન પણ સાધનાનો જ એક પ્રકાર.

એટલે જ ઉપનિષદમાં માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ, આચાર્યદેવો ભવ કહ્યું છે.



ટૂંકમાં 'સારા બનો, સારું કરો.' અર્થાત્

સદ્ભાવ, સદ્વિચાર, સદ્ગુણથી સંપન્ન બનો.

સત્કર્મપરાયણ બનો. જીવનમાં વધારે ને વધારે નમ્ર, સરળ, મધુર બનો.

ભર્તુહરિ 'સાધનાનો રાજમાર્ગ' નિર્દેશતાં સરસ કહે છે :

'તૃષ્ણા ત્યજો, ક્ષમાનું સેવન કરો, અભિમાનમાંથી મુક્તિ મેળવો. પાપકર્મમાં ન પડો.' તો જીવન સુખમય, શાંત, ઉજ્જવળ બનશે. જે 'સાધનાનું ફળ' છે.

★ સાધનાની વિશેષ સમજ : ભક્તિ, જ્ઞાન, કર્મનો સમન્વય :

રોજબરોજના 'જીવન સાથે સાધના'નો યોગ થતાં—

'પૂર્ણ જીવનનું એ પ્રવેશદ્વાર' બની જાય છે. આ સાધનામાં 'ભક્તિ' જપ-કીર્તન-ભજન, દેવદર્શન-તીર્થાટન કે પુસ્તક પારાયણ, માળા-તિલકમાં મર્યાદિત ન રહેતાં, ઈશ્વર માટેના અનન્ય પ્રેમ-પોકાર-તલસાટનો પર્યાય બની રહે છે.

એ જ રીતે 'જ્ઞાન' વાચન-મનન, લેખન-પ્રવચન-વાદવિવાદમાં રત ન રહેતાં, જીવન સાથેનો મૂક, પ્રશાન્ત વાર્તાલાપ-પ્રેમાલાપ બની જાય છે.

'કર્મ' રૂઢ જડ ક્રિયા, લાલસાયુક્ત પ્રવૃત્તિ નહિ, વિવેક, નિર્મળતાથી સંપન્ન ફરજ, ઈશ્વરના ઉપકરણ તરીકે અદા થતા 'સ્વધર્મ'નું ગૌરવ ધારણ કરે છે.

આમ, 'સમગ્ર જીવન પવિત્ર, પૂર્ણ જીવનનો પ્રવાસ' બની જાય છે.

★ 'સત્સંગ' પણ સાધનાનો પ્રકાર :

સત્સંગ બે પ્રકારના છે.

૧. એક બાહ્ય સ્વાનુભવસંપન્ન મહાપુરુષો, સુંદર તીર્થો, પ્રેરણાદાયક સદ્ગ્રન્થો.

૨. બીજો આંતરિક સત્સંગ : જેમાં પરમ સત્ય-પરમાત્મા આપણી ભીતર વિરાજિત છે, એની સાથે સ્નેહનો સંબંધ; જે જપ-તપ, ધ્યાન, પ્રાર્થના દ્વારા અભિવ્યક્ત થાય, ને સાક્ષાત્કાર સુધી પહોંચી શકાય.

★ ચારિત્ર્યશુદ્ધિ સાધનાનો પાયો :

પૃથ્વી પર સાચા માનવ તરીકે શ્વાસ લેવાની, વર્તવાની અનિવાર્યતા છે. જીવનના બધા જ ક્ષેત્રોમાં પવિત્રતા, પ્રામાણિકતા, સદ્‌વિચાર, સદાચાર, દૃઢ ઇચ્છાશક્તિ, મજબૂત મનોબળથી અનવરત આત્મનિરીક્ષણથી વૃત્તિઓનું શુદ્ધિકરણ સતત થતું જ રહે. તો જીવન અને સાધનાનો સમન્વય સિદ્ધ થાય. બંને જો એકરૂપ થઈ જાય તો કહેવાતો સંસાર એને કદી કલુષિત ન કરી શકે.

★ સાધના સાર્થક ક્યારે બને ?

આમ, સાધના દ્વારા પરમાત્માના પરમ પ્રકાશનો સાક્ષાત્કાર કરવાનો છે, એ માટે આત્માનો પ્રત્યક્ષ અનુભવ સઘળી સાધનાનું ધ્યેય છે, આધ્યાત્મિક અર્ક છે.

★ સાધના એટલે સ્વયંવર :

'જીવ' કન્યારૂપે સંસારના અન્ય નામરૂપ-આકર્ષણોથી ભરમાવાને બદલે જ્યારે 'શિવ'ને પોતાનું સર્વસ્વ અર્પણ કરે,— 'આત્મસમર્પણની વરમાળા' ધરે ત્યારે સાધના સાર્થક બને.

★ દૃષ્ટિ આત્મશોધન પર રહે, કામ ગમે તે હો :

અભિજાત જીવનરસિક જ આત્માર્થી બની શકે. જે પોતાનું સમજીને કામ કરે એ આત્માર્થી બને. બીજાનું કામ કહેવાથી એ પ્રવૃત્તિ થઈ જશે. પછી એમાં શોષણ, સ્પર્ધા, તુલના આવશે, એટલે એનાથી હટી જજો. તો પ્રત્યેક કાર્ય સાઘના બની જશે.



★ સંપૂર્ણ જીવન સાધનામાં રૂપાંતરિત થઈ જશે ત્યારે :

'આત્મતત્ત્વનો પરમતત્ત્વ સાથે સહયોગ-સંવાદ-સખ્ય સ્થપાશે. પરિણામે વિશ્વચેતનામાં જે પ્રણવ નિનાદિત છે, એ નાદ વ્યક્તિચેતનામાં પણ રણઝણી ઊઠશે.'

'જ્ઞાનેશ્વરી'માં શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે : 'હે અર્જુન ! જેમ જેમ તારા હિતનો બોધ તને થતો જાય છે તેમ તેમ મારું સુખ વધતું જાય છે.'

આમ, પૂજ્યશ્રી યોગેશ્વરજીના સમગ્ર જીવન-દર્શનમાંથી ઊઠતો એક સંદેશ છે :

'તમારા આત્માગ્નિને સતત સમિધ અર્પી પ્રજ્વલિત રાખજો, એને બુઝાવા ન દેશો.'

'જીવનને અચેતન વ્યાપાર નહિ, સચેતન પ્રક્રિયા બનાવો. સજગ, સાવધ, હર પળ સંસારમાં સાધનાનો યોગ કરીને ચાલો. લક્ષ્ય એક જ : અસીમ, અનંત, શાશ્વત બનવાનું રાખો.'

પૂજ્ય શ્રી યોગેશ્વરજીના સર્વ સદ્‌ગ્રંથોમાંથી એક જ સંદેશ સંભળાય છે. 'માનવજીવનમાં ભારે શક્તિ અને શક્યતા રહેલાં છે. અખૂટ સંભાવનાઓના પરિપ્રેક્ષ્યમાં એને જોવાનું છે. પ્રત્યેક દેહધારી માનવને એની અલ્પતાનો અંત લાવીને એને વધારે ને વધારે ઉચ્ચ-ઉજ્જવળ બનાવીને પરિપૂર્ણ કરવાની તક મળેલી છે.'

અંધકાર, અસત્ય અને મૃત્યુના આવરણને હઠાવી દઈ, જ્યોતિર્મય, સત્યમય ને અમૃતમય કરવાનો અવસર પ્રાપ્ત થયો છે.

★ —'પ્રકાશના પંથે'ના પહેલા પ્રકરણમાં આવું કહેનાર પૂજ્ય શ્રી યોગેશ્વરજીએ સ્વયં આ શબ્દો જીવી બતાવી, 'અમારું જીવન એ જ અમારી વાણી'નો મહામંત્ર સિદ્ધ કર્યો છે.

★ 'હિમાલયના પત્રો'માં પણ તેઓશ્રી દર્શાવે છે કે,

'જીવન એક મહાવિદ્યાલય છે, એને નંદનવન કે નરક બનાવવું એ મનુષ્યના પોતાના હાથમાં છે.'

વસ્તીવધારો નહિ, વિલાસનો વધારો સમસ્યા છે. શરીરના ચામડાને નહિ, અંદર વિરાજેલી ઈશ્વરની પ્રકાશની જ્યોતિ નિહાળો. જે સ્થિતિમાં એ રાખે એમાં કલ્યાણ ! અમારું તો સર્વસ્વ એ સંભાળે છે. સમય પાકતાં દરેકે અભિનય મૂકીને ચાલતા થવાનું છે. મા જગદંબા જ્યાં હરતાં-ફરતાં હોય ત્યાં શેની કમી રહે ? કેટલાકને સાધનાની લાંબી કસરત નથી કરવી પડતી. કેવળ ઈશ્વરદર્શન નહિ, સંપૂર્ણ રૂપાંતર સાધી જગત કલ્યાણ કરવાનું છે. શક્તિશાળી યુવકો વનવાસી બની, પલાંઠી વાળી બેસી જાય તે ના ચાલે. એકાંતમાં તપસ્યા વડે અધિક શક્તિ સંપાદિત કરી, હિંદના જ્યોતિર્ધર બને. સંબંધોની પ્રેમધારાનું ગૌરવ કરીએ એટલું ઓછું છે.

'પ્રકાશના પંથે' આત્મકથાનું શીર્ષક બહુ જ સૂચક અને માર્મિક છે. આ પંથ એક એવો પંથ છે, જે ચાલવા માટે નથી, કેમકે પ્રકાશ બહાર નથી, દૂર નથી, ભીતર જ છે. એટલે આ પંથ પર ઊભા રહી જવાનું છે, રોકાઈ જવાનું છે, સ્થિર થઈ જવાનું છે. પૂ.શ્રી યોગેશ્વરજી આ પંથની સ્વાનુભૂતિજન્ય કથા આલેખે છે, જેથી હજારો અધ્યાત્મમાર્ગીઓને આમાંથી પ્રેરણા મળે. અલબત્ત, પૂ.શ્રી યોગેશ્વરજીનું લક્ષ્ય કરોડોમાં કોઈ એકનું હોય એવું છે એમને પ્રકાશદર્શન કરીને અટકવું નથી, સ્વયં પ્રકાશ થઈ જવું છે, અને એ મનુષ્યચેતનાનું સંપૂર્ણ રૂપાન્તર દિવ્યચેતનામાં સિદ્ધ કરીને જ જંપ્યા.

'હિમાલયના પત્રો' જે સ્થળેથી પત્રો લખાયા છે એ



હિમાલયની સઘળી, શાંતિ, પવિત્રતા, શીતળતા, ધવલતા, એકાકી અવસ્થાની મસ્તી સઘળું પત્રોમાં સહજ અવતર્યું છે.

બહાર વિસ્તરેલો વિશાળ હિમાલય હૃદયમાં ધારણ કરીને સાધનાસ્થ, સમાધિસ્થ સંતની આત્મશ્રીનું પ્રતિબિંબ આ પત્રો ઝીલે છે.

ઈશુના ગિરિપ્રવચનોની હરોળમાં ઊભી રહી શકે. એવી આ 'પૂ.શ્રી યોગેશ્વરજીના હિમાલય-સંવાદ'ની પદ્ધતિ છે.

ઉપસંહાર :

શ્રી રમણ મહર્ષિને કોઈએ 'સાધના' વિશે પૂછ્યું ત્યારે તેમણે કહ્યું; 'મેં ક્યારેય સાધના કરી નથી. હું બોલતો ન હતો એટલે લોકોએ માની લીધું કે હું મૌનમાં હતો. હું ખાતો ન હતો એટલે લોકો સમજી બેઠા કે, હું ઉપવાસ પર હતો. કોણે કોને માટે સાધના કરવાની ? આ તો તમે રમણાશ્રમમાં હો અને પૂછો કે મારે રમણાશ્રમ કેવી રીતે પહોંચવું એના જેવી વાત છે. તમે આત્મા છો કેવળ એ યાદ રાખો એટલું જ પર્યાપ્ત છે.'

શ્રી વિમલા ઠકાર કહેતાં; 'સાધના, સાધના શું કરો છો. સત્ય બોલો. એટલે સંપૂર્ણ સાધના સિદ્ધ થઈ જાય.'

શ્રી યોગેશ્વરજી પણ આ જ વાત કહે છે; 'મનુષ્યમાત્ર શુદ્ધ, બુદ્ધ અને મુક્ત છે. એનું એને વિસ્મરણ થયું છે, એ યાદ કરી એણે પોતાના સાચા સ્વરૂપમાં અધિષ્ઠિત રહેવાનું છે. સાધનાની લાંબી કસરતની જરૂર નથી.'

આમ તમામ સાધનાનો નિષ્કર્ષ-સારસર્વસ્વ છે, 'આત્મસ્વરૂપનો બોધ અને પરમાત્મા સાથે અનુબંધ.'

**—સંપાદન**

**(પૂ.શ્રી યોગેશ્વરજી રચિત 'સાધના' સદ્‌ગ્રંથ પર આધારિત)**

## ॥ પ.પૂ.શ્રી'મા' પ્રેરિત સાધનાનો એક અભિનવ પ્રયોગ ॥

### (ઉત્તરકાશીમાં 'એક માસ હરિને નામ' કાર્યક્રમ)

સાધનાવિષયક તમામ સદ્ગ્રન્થો એક પલ્લામાં અને સામેના પલ્લામાં પરમ કરુણામયી 'મા' સર્વેશ્વરીની સાધનાસિદ્ધિને મૂકવા જતાં જણાય છે કે, પૂ.શ્રી'મા'નું પલ્લું સહજ જ ઝૂકે છે.

કેમકે, પૂજ્યશ્રી'મા'એ જીવનમાં સાધના નહિ, સાધનામાં જીવન રસી દીધું છે. બીજી રીતે કહીએ તો 'સંપૂર્ણ સાધનામય જીવન તેમજ સંપૂર્ણ જીવનમય સાધના'નું એક અનુપમ, ભવ્યોજ્જવલ દૃષ્ટાંત આપણી સમક્ષ મૂકી દીધું છે.

પૂજ્યશ્રી'મા'ના જીવનમાં એકબાજુ 'પરંપરિત સાધના'નું પૂર્ણ ગૌરવ છે અવિરત જપ, તપ, વ્રત, યોગાસનો, પાઠ, પારાયણ, ભજન, કીર્તન, સદ્ગ્રંથોનું વાંચન-મનન, લેખન, પદસર્જન, 'શ્રી હરિની શબ્દયાત્રા' સાથે જ એકાંત મૌન ! અધધ..તો બીજી બાજુ. અભિનવ સાધનાના પ્રયોગો-જેમાં 'યોગતીર્થ'નું ક્ષણે ક્ષણે નવતા ધારણ કરતું રૂપ, 'સ્વર્ગારોહણ' તીર્થનું સર્વોત્તમ સંચાલન, અંબાજીના આસપાસના દરિદ્રનારાયણો માટે સતત યોજાતા દાનયજ્ઞો, મનુષ્યત્વની સર્વ ગરિમાઓને સત્કારવા સદા ઉત્સુક રહી થતાં આયોજનો, સૌથી વિશેષ તો 'સ્વર્ગારોહણ' પધારતા સાધકો વધારે ને વધારે પ્રભુઅભિમુખ કેવી રીતે રહે એ માટેનાં અદ્ભુત આયોજનો જેમકે, બાવનીનાં અનુષ્ઠાન, મૌન રાખી તમે જ તમને મળો.' અભિયાન, શિવમહિમ્ન-શિવસ્તુતિનાં ગુંજન-કીર્તન..શ્રી કોટેશ્વર પદયાત્રા તેમજ શ્રી પ્રભુસંસ્મરણ ટીહરીયાત્રા અને હમણાં તાજેતરમાં જ યોજાયેલ 'અધ્યાત્મના અનસ્ત સૂર્ય શ્રી યોગેશ્વરજી' ગ્રંથનું અદ્ભુત મૌનપારાયણ (જેમાં ઋષિકાલીન તપોવનનું પવિત્ર વાતાવરણ તેમજ વેદકાલીન સંસ્કૃતિના ગૌરવનું વાયુમંડળ અત્યંત અદ્યતન-સ્વરૂપે મૂર્ત કરવામાં આવ્યું હતું.)



માર્ચ મહિનામાં એક માસ હરિના નામે ઉત્તકાશીમાં સાધનાનો એક અનોખો પ્રયોગ યોજ્યો. એપ્રિલની ૩૦મી તારીખ 'સ્વર્ગારોહણ'માં સુંદરકાંડનું ૧૦૮ ગાન-પારાયણ યોજાયું.

આમ અનેક અવનવીન રૂપે પૂ.શ્રી'મા' પોતાની અંગત તેમજ સાધકલક્ષી સાધનાનો ગ્રાફ વર્ષોવર્ષ ઊંચે ને ઊંચે સ્તરે લઈ જઈ, સાધનામાં નવાં-નવાં પરિમાણોનો એક અનોખો ઈતિહાસ સર્જી રહ્યાં છે.

તેઓશ્રી વારંવાર કહે છે; 'સાધનાનાં સુમેરુ શિખરો હજી ઘણાં સર કરવાનાં બાકી છે. છેક છેલ્લા શ્વાસ સુધી પ્રયત્નો ચાલુ જ રહેશે. પૂજ્યશ્રીએ જે પાઠ આપ્યો છે તે સંપૂર્ણ ભજવાઈને જ રહેશે.'

પૂજ્યશ્રી'મા' અતિ વિનમ્રભાવે અનુરોધ કરતાં જ રહે છે : 'આ 'મા' છે, જેમને પૂજ્યશ્રીએ પ્રસાદમાં આપ્યાં છે. એવો દિવ્યતત્ત્વભાવ જો ટકી જાય તો સાધકને સાધનાની જરૂર ન પડે. પણ તરત મનુષ્યભાવ આવી જતાં જેટલાં આગળ આવ્યા એટલાં ડગલાં પાછળ જતા રહેવાય તો એ સાધકના કર્મની કઠણાઈ.'

તો 'મૂર્તિમંત સાધનાસ્વરૂપે' આપણી પ્રત્યક્ષ પૂજ્યશ્રી'મા'ને પ્રગટ કરી, હિમાલયના સિદ્ધ સંત શ્રી ગુરુ ભગવંત યોગેશ્વરજીએ એક એવું કલ્પવૃક્ષ ધરી દીધું કે, માત્ર એને નિહાળતાં રહીએ તોય 'સર્વોત્તમ સાધનાનું સર્વોત્તમ ફળ' આપણને સહજ પ્રાપ્ત થઈ જાય.

તો આવો, આપણા ગુરુ ભગવંત શ્રી યોગેશ્વરજીની જન્મશતાબ્દીને પોતાની અભિનવ સૂક્ષ્મ અધ્યાત્મવિભાવનાથી જ નહિ પણ મૂર્તિમંત અધ્યાત્મની જ્યોતિના ઝળહળ પ્રકાશથી આપણા તન-મનના અંધારને નિઃશેષ કરી, અશેષ પરમાત્મા તરફ અભિમુખ કરનાર; પૂજ્ય શ્રી યોગેશ્વરજી તેમજ પૂજ્ય શ્રી'મા' સર્વેશ્વરી-ઉભય ચૈતન્યસ્વરૂપોને કોટિ કોટિ પ્રણામ કરી ધન્ય બનીએ.

—સંકલન

## ॥ પરમ પ્રેમમયી 'મા'નાં આશીર્વચન વરસાવતા ત્રણ પત્રો ॥

ૐ **તા.૨૨/૨/૨૦૨૨**

શતાબ્દીપર્વે 'એક માસ હરિના નામેના' કાર્યક્રમમાં તમે સૌ ઉત્તરકાશી જઈ રહ્યાં છો તો આનંદ છે. સાધના માટે જ જવાનું છે. ત્યાં રહેવાનું છે. સૂત્રધારની નાની મોટી દરેક સૂચનાનું પ્રેમ-શ્રદ્ધાથી પાલન કરવાનું છે.

દેવભૂમિ હિમાલયમાં જે ધરતી ઉપર પૂ.શ્રીનો નિવાસ રહ્યો તે પવિત્ર ભૂમિનાં દૈવી પરમાણુઓનો પૂરો લાભ લઈ, સરસ સાધના કરીને પાછા ગુજરાત પ્રેમથી પધારજો.

પ્રભુના ખૂબ ખૂબ આશીર્વાદ

ૐ

★

ૐ **તા.૧/૩/૨૦૨૨**

ઉત્તરકાશીમાં સાધનાપર્વમાં પધારેલા સૌ સ્વજનોનું સ્વાગત છે. તે સૌ નીચેની સૂચનાઓ ધ્યાનથી વાંચે.

ઠંડી જો સહન ના થાય અને આરોગ્ય બગડે અને સૌને મુશ્કેલીમાં મૂકવા પડે એવી પરિસ્થિતિમાં તરત જ નિર્ણય લઈ તે તે સ્વજન ઉત્તરકાશી છોડી શકે છે.

જેને એ સ્થળે ના ફાવે કે ના ગમે તે પણ ઉત્તરકાશી છોડી શકે છે.

સાધનાપર્વના સૂત્રધારો તમારા સાચા મિત્ર બનીને તમને સર્વપ્રકારે અનુકૂળ થઈ સહાયક થશે.

સૌ સ્વતંત્ર છે. પોતે જ પોતાના ચોકીદાર બનીને સાધનાના પોતાના નિયમો પાળે. જો સાધનામાં પોતાનું આરોગ્ય સાથ ના આપે તો દરેક પોતે જ નિર્ણય કરી સૂત્રધારને જાણ કરી શકે છે.

માનવતાના માળી બની સૂત્રધારો આપણી વાત સમજીને વધાવી લઈને આપણી પડખે ઊભા રહેશે.

સૌને પ્રભુના આશીર્વાદ.

ૐ

★



ૐ **તા.૫/૩/૨૦૨૨**

આજે શ્રી રાજુભાઈના અક્ષરમાં ઉત્તરકાશીના મહાત્માઓના શુભમંગલ સમાચાર વાંચ્યા. આનંદ થયો.

નવું સ્થળ છે. ૨૪ કલાક શ્રી ગંગાજીનું દર્શન છે. સૌ ધારેલા વ્રત-નિયમોમાં કાર્યરત છે.

આપણા ગુરુદેવપ્રભુ વરસો સુધી હિમાલયમાં રહ્યા એ પવિત્ર ધરતી ઉપર આપણું પણ મહાભાગ્ય ઊઘડ્યું છે. આપણે એ ધરતી ઉપર છીએ !

એ પવિત્ર વાતાવરણનો મૌન, નિયમો સાથે પ્રત્યેક ક્ષણનો લાભ લેવા જેવો છે.

જે જે સ્વજનોએ ૧ મહિનો, ૧૫ દિવસ, ૭ દિવસ નોંધાવ્યા છે તે તે સૌ ત્યાં ખૂબ પ્રેમ અને શ્રદ્ધાભક્તિથી રહેજો.

આવો અવસર જીવનમાં વારેવારે ના આવે.

હે ઉત્તરકાશીના આપણા કામચલાઉ તપસ્વી મહાત્માઓ ! અમારા સૌની શુભેચ્છા તમારી સાથે છે.

આ તો આપણો 'સાધનાનો પહેલો પ્રયોગ' હિમાલયમાં ચાલી રહ્યો છે.

બધા જ નવા છે. સૌ એકમેકને અનુકૂળ થઈ ચાલશે, 'ફાવશે, ગમશે, ભાવશે' જેવા મંત્ર જપજો. સૌ સાથે મળી એ પ્રયોગ સફળ બનાવજો.

સૌને આ પ્રયોગ પ્રિય અને અનુકૂળ લાગ્યો હોય તો આવતા વરસે બીજા પ્રયોગ માટે અત્યારથી જ નામ નોંધાવી દેજો.

સૌ ઉપર ગંગાજીના, હિમાલયના સર્વ સિદ્ધ સંતોના, પૂ.શ્રી ગુરુદેવ પ્રભુના આશીર્વાદ વરસતા રહો.

પરમાત્મા તમને સૌને રક્ષાકવચ ધરીને પડખે જ ઊભા છે.

ૐ

★

—સંકલન

# ॥ એક માસ હરિકે નામ ॥

પૂ.'મા' આપણને હંમેશાં એવું કહેતાં હોય છે, કે જ્યારથી તમે આધ્યાત્મિક જીવનમાં પ્રવેશ કરો ત્યારથી જ તમારો સાચો જન્મ થયો ગણાય. અને પછી સાધનાપંથે ધીરે ધીરે પગલાં ભરી આધ્યાત્મિક પથ પર આગળ વધાય. જેવી રીતે આપણો લૌકિક જન્મ થાય, એટલે આપણી માતા આપણું સર્વ પ્રકારે ધ્યાન રાખે. પા પા પગલી ભરાવી ચાલતાં શીખવે અને થોડી ખાત્રી થયા પછી બાળકને એ છૂટો મૂકીને જુએ કે, એ કેવું ચાલે છે. એવી રીતે આપણા સૌનું એ સદ્ભાગ્ય છે કે, પૂ.'મા' આપણને આધ્યાત્મિક માતારૂપે સદ્ગુરુ મળ્યા છે. અને આપણે એ પણ જાણીએ છીએ કે પૂ.'મા' આપણો હાથ પકડીને આધ્યાત્મિક પથ પર ચાલવાનું શીખવી રહ્યા છે. પૂ.'મા'ની સુખદ સંનિધિમાં તો સ્વાભાવિક રીતે આગળ વધતાં રહીએ છીએ. પરંતુ પૂ.'મા'ને પણ એવી ઈચ્છા થઈ હશે બાળકોની પ્રગતિ ચકાસવા એમને થોડાં છૂટાં મૂકી જોઈએ. અને અવસર પણ મળી ગયો.

શતાબ્દી વર્ષ નિમિત્તે સૌના લાભાર્થે પૂ.'મા'એ એક ફરમાન બહાર પાડ્યું ''એક માસ હરિકે નામ'' અને કહ્યું..જોઈએ કેટલાંકને સાધનામાં કહો કે, જાગવામાં રસ છે ? અને એક ધન્ય ક્ષણે દોઢ મહિના પહેલાં મોબાઈલ પર સંદેશો મુકાવી દીધો જેમાં સ્પષ્ટ જણાવ્યું હતું, હિમાલયની પવિત્ર ભૂમિમાં વ્યક્તિગત રીતે 'વફાદારી' સાથે સાધના ઈચ્છુક સાધકો નામ લખાવી શકે. પૂ.'મા'ને 'વફાદારી' જેવા શબ્દનો પ્રયોગ ભારપૂર્વક કરવો પડ્યો કારણ, અનેક જન્મોથી આપણી જાતને છેતરવાનો જાણે આપણે મનોરથ સિદ્ધ કર્યો હોય ! બીજા આગળ સારા દેખાવાનો ડોળ જાણે એક આદત બની ગઈ છે. એટલે જ પૂ.'મા' આપણને પ્રામાણિકતાપૂર્વક નિખાલસપણે આપણી જાતને મળવાના પાઠ શિખવી રહ્યાં છે. આવા પ્રયોગ દ્વારા જાણે આંતરજગતમાં ડોકિયું



કરવાની તાલીમ આપી રહ્યાં છે. સાધના માટે એક જ સ્થાનમાં પૂ.'મા'ની પ્રત્યક્ષ હાજરી વગર ૧ મહિનાની અવધિ થોડી વધારે લાગતી હતી. અને મારા અવલોકનને અંતે થોડું એવું અનુમાન પણ થયું કે, ઘણીવાર આપણે, આપણી અંદર રહેલા છૂપા અહંને પોષવા કે બીજા કરતાં ઉત્તમ બતાવવાની હોડમાં કે દેખાદેખી માટે પણ સાધના કરવા પ્રેરિત બનતા હોઈએ છીએ. કારણ જે હોય તે પણ ફલશ્રુતિ એ હોવી જોઈએ કે આવા સાધનાના પ્રયોગથી જીવન પરિવર્તિત કરી પૂ. 'મા-પ્રભુ'ના અવતરણને સાર્થક કરી શકીએ. ને બીજા માટે પ્રેરણાસ્પદ બની શકીએ.

આ સાધનાનાં પ્રયોગમાં સત્કર્મ માટેનો પણ અવકાશ હતો. પૂ. 'પ્રભુ'એ પોતાના સાધનાકાળ દરમ્યાન જ્યાંથી ભિક્ષા પ્રાપ્ત કરી હતી તેવી બંને સંસ્થામાં સત્કર્મ રૂપે દાન કરવાની તક હતી. પૂ. 'પ્રભુ'ના ભક્ત કે અનુયાયી તરીકે એ સંસ્થાનું ઋણ ચૂકવવાની આપણા સૌની નૈતિક ફરજ ગણાય. સંદેશા મુકાયાનાં થોડા જ વખતમાં પૂ. 'મા'ની સંનિધિની અપેક્ષા સાથે નામ લખાવવાની જાણે હરીફાઈ હોય તેમ નોંધાવા માંડ્યા. પૂ. 'મા'ની યોજના પ્રમાણે બધું જ આયોજન થઈ ગયું.

પૂ. 'મા' એ નિયત એક માર્ચ ૨૦૨૨ના થોડા દિવસ અગાઉ સ્પષ્ટ સંદેશો મૂકાવી દીધો કે પૂ. 'મા' સ્થૂળરૂપે ત્યાં હાજર નથી રહેવાના. સૌએ પોતાની રીતે જ પોતાની ક્ષમતાને ચકાસવાની છે. પોતાની જાતને મળવાનું છે. પૂ.'મા'ના દિવ્ય જીવનને યાદ કરવાનું છે. એમના આદર્શોને જીવનમાં વણી લેવાનો પ્રયત્ન કરવાનો છે. પરંતુ જેવી પૂ. 'મા'ની સ્થૂળ અન્ઉપસ્થિતિની વાત જાણી એટલે નામ રદ કરાવાની સંખ્યા પણ વધવા માંડી. એટલે ફરી પૂ.'મા' એ એક પત્ર દ્વારા હિમાલયનાં દૈવી પરમાણુંઓનો લાભ લેવાની વિનંતિ સાથે આશીર્વચનો લખી આપ્યાં. જેથી નામ રદ થવાની પ્રક્રિયા ધીમી પડી. લગભગ બધાંનું જ બુકિંગ થઈ ગયું હતું. અમે ચાર જણ બે દિવસ અગાઉ જરૂરી સામાન

સાથે પોતાના વાહન દ્વારા ઉત્તરકાશી પહોંચી ગયા. ઉતારા માટેની જરૂરી વ્યવસ્થા કરાવી. પૂ.'મા'ની જ સઘળી યોજના પ્રમાણે સઘળું ગોઠવાઈ રહ્યું હતું. ઉતારાની પસંદગી પણ સુંદર અને સ્વચ્છ હતી. ગંગાજીનું સૌંદર્ય અપ્રતિમ ને દિવ્યતાસભર લાગતું હતું. ચારે બાજુ પર્વત ને ગંગાજીને કિનારે રોડ પર જ અમારી હૉટેલ હતી. એના માલિક પણ ખૂબ સરળ અને ઉદાર હતા. સંપૂર્ણ સહયોગની બાંહેધરી સાથે કોઈપણ પ્રકારની મદદ માટે તત્પર જણાતા. રૂમની સ્વચ્છતા અને બીજી જરૂરિયાત માટે બે સેવકો સોંપ્યા હતા. ભોજનની વ્યવસ્થા માટે ગુજરાતથી જ મહારાજ અને એના મદદનીશ સાથે હતા. ઉપરાંત એક કામચલાઉ 'પ્રામાણિક' સ્ટોરની પણ વ્યવસ્થા કરી હતી. જેમાં આસન, કાઉન્ટર, તેલ, સાબુ, ક્રીમ તથા ખાવાપીવાની થોડી સામગ્રી હતી. સૌ કોઈએ પોતાની પસંદગી કે જરૂરિયાત પ્રમાણે વસ્તુ લઈ કિંમત પ્રમાણે બોક્ષમાં પૈસા મૂકી દેવાના. કારણ અમારી આ હૉટલ થોડા એકાંત વિસ્તારમાં અને ઉત્તરકાશીથી ૧૬ કિલોમીટર ગંગોત્રીના રસ્તે હતી. જેથી જરૂરી વસ્તુની ખરીદી તત્કાલ મુશ્કેલ હતી.

ઉત્તરકાશી એ એક મહાન તપસ્વીઓની તપોભૂમિ...દૈવી ગાથાથી સંપન્ન એવી પવિત્રભૂમિ..પૂ.શ્રીનાં ચરણસ્પર્શે પાવન બનેલી ભૂમિ...ભવ્ય ભૂતકાળથી પ્રસિદ્ધ બનેલી ભૂમિ...આધ્યાત્મિક ક્ષેત્રે પણ ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી આ ભૂમિ છે. મહાન જડભરતની સમાધિ પણ અહીં ઉત્તરકાશીના ગંગા કિનારે સ્થિત છે. આજે તો ઉત્તરકાશી, ઉત્તરાખંડના એક વિકસિત અને મહત્ત્વનાં શહેરમાં રૂપાંતરિત થઈ રહી છે.

એક આયોજક તરીકે મને આગળ કરી, જગ્યાની પસંદગીથી માંડીને સૌની સર્વ પ્રકારની વ્યવસ્થા કે સગવડ સાચવવાનાં પ્રયત્નરૂપે મારાં સઘળાં લૌકિક કામો પૂ. 'મા' જ અદશ્ય રીતે કરતાં હતાં. અને મને સફળતા આપી, એ ક્ષેત્રે મારી પ્રતિષ્ઠા વધારતાં



રહ્યાં. આ ટાણે મને પેલું પ્રસિદ્ધ પદ યાદ આવે છે.

'મેરા આપકી કૃપા સે...સબ કામ હો રહા હૈ,
કરતે હો તુમ ઓ મૈયા...મેરા નામ હો રહા હૈ..'

અમારું આ સ્થાનની પસંદગીનું મુખ્ય કારણ એની ગંગાજી તરફ આવેલી મોટી ગેલેરી હતી. જ્યાં પૂ.'મા'નાં સ્વરૂપો પ્રભુ સમક્ષ બેસી સૌ પોતાના જપ ધ્યાન વાંચન કરતાં હતાં. સવારની વંદના, પ્રણામ ને પ્રાર્થના તથા સાંજે ડિવીડી દર્શન, સ્તુતિ, ધૂન, પ્રાર્થના પણ અહીં જ થતાં હતાં. સવારે ૮.૦૦ થી ૯.૦૦ અને સાંજે ૭.૩૦ થી ૯.૦૦ એ અમારો સમૂહપ્રાર્થનાનો નિયમ હતો. બાકીના સમયમાં સૌ પોતાનાં વ્યક્તિગત નિયમો અને સાધનામાં વ્યતીત કરતાં. જેને વાંચનનો શોખ હોય એના માટે થોડા આધ્યાત્મિક પુસ્તકો પણ મુકવામાં આવ્યા હતાં. ગંગાકિનારે બેસવાનો આનંદ અનેરો હતો. તડકા અને પવનનાં રક્ષણ હેતુ કાજ બે ટેન્ટની વ્યવસ્થા પણ કરી હતી. જેથી લાંબો વખત જપ, ધ્યાન કરી શકાય. દિવસો સરસ રીતે સાધનામાં વ્યતીત થઈ રહ્યાં હતાં. સૌને એક ટેબલ બનાવેલુ પેપર પણ આપવામાં આવ્યું. જેમાં તેઓ પોતાના સાધનાનાં નિયમોની નોંધ પણ રાખી શકે. શરુઆતના બે ત્રણ દિવસ ઠંડીનાં પ્રકોપને લીધે થોડી નિરસતા કે નિરાશા લાગી. પણ સૂર્યના ઉષ્માસભર કિરણોના લાભને લીધે ગંગાજીની સંનિધિસુખ માણવાનો અવસર વધારે મળતો. જે પાછળનાં દિવસોમાં ગરમીનાં પ્રકોપને લીધે થોડું મુશ્કેલ બનતું. પરંતુ પૂ. ''મા-પ્રભુ''ની કૃપાને લીધે વાતાવરણ એકંદરે ખુશનુમા અને ગુલાબી રહ્યું. નથી કોઈ બીમાર પડ્યું કે નથી કોઈને આરોગ્યક્ષેત્રે કોઈ તકલીફ ઊભી થઈ, નથી કોઈનો સામાન કે પૈસા ચોરાવાનો પ્રસંગ બન્યો. અરે...કોઈને કોઈ માટે મનદુઃખ થયું હોય એવું પણ નથી બન્યું.

સાધનાપર્વનો પ્રથમ દિવસ જ શિવરાત્રી હોઈ કેટલાંક ભક્તોએ કાશીવિશ્વનાથના દર્શને જવાની ઇચ્છા દર્શાવી. 'પ્રકાશના પંથે'માં પણ એનો ઉલ્લેખ આવે છે. પૂ. 'પ્રભુ' સ્વયં ત્યાં દર્શને જતા. અમે ગયા તો ખરા, પરંતુ એટલી ભીડ હતી કે ૩ કલાકે દર્શનનો વારો આવે તેમ હતું. એટલે મને તો થયું, આપણા પૂ.પ્રભુ જ સ્વયં શિવસ્વરૂપ છે, એટલે એજ રૂપે ભજીએ કે દર્શનસુખનો આનંદ પામીએ. એવા વિચાર સાથે મુખ્ય બજારમાં ખરીદી માટે ગયો, તો ત્યાં જોયું કે, નાનકડી શેરીઓમાં શિવરાત્રીની ઉજવણી રૂપે શોભાયાત્રા જઈ રહી હતી. શેરીમાં શિવ-પાર્વતીના રૂપમાં, અબીલ ગુલાલની છોળો, ને નૃત્યની રમઝટ સાથે માનવમેદની હર્ષોલ્લાસ સાથે આગળ વધી રહી હતી. પર્વતોની વચ્ચે પણ લોકોની આસ્થાનું આવું દ્રશ્ય નિહાળી હૃદય ગદ્ ગદ્ બન્યું. હર્ષના અશ્રુ સાથે રોમાંચિત બની વિચાર થયો કે, જ્યાં આસ્થા છે ત્યાં સુરક્ષા અવશ્ય રહેવાની. દૈવી શક્તિ હંમેશાં તેની રક્ષા કરશે જ.

આપણે સૌ જાણીએ છીએ મસુરીમાં આપણા ગુરુદેવ પ્રભુ શ્રી યોગેશ્વરજીના નામે એક શાળાનું સંચાલન થઈ રહ્યું છે. એટલે એક દિવસ પૂ. 'મા'ની આજ્ઞા અનુસાર ત્યાં લગભગ ૭૫૦ વિદ્યાર્થીઓ માટે ધાબળા અને બિસ્કિટ, ચૉકલેટનું વિતરણ કર્યુ. બાળકોની પ્રસન્નતા અને મુખના ભાવો નિહાળી સત્કર્મ માટે વાપરેલી રકમ ખૂબ નાની લાગે. ઉત્તરકાશીમાં પણ એક નાનકડી શાળામાં સત્કર્મરૂપે જરૂરી વસ્તુઓનું વિતરણ કર્યું. અને 'કાલીકમલી' તથા 'પંજાબી ક્ષેત્ર'ની બંને સંસ્થામાં પણ સૌએ મન મૂકીને સત્કર્મનો લાભ લીધો.

આ સાધનાપર્વ માર્ચ મહિનામાં હોઈ, ૧૮ માર્ચના પવિત્ર દિવસે એવું વિચાર્યું. બને એટલું પ્રભુનું સ્મરણ કરીએ એ જ ઉત્તમ ગણાય. એટલે નક્કી કર્યા પ્રમાણે 'શ્રી યોગેશ્વર લીલામૃત'નું પારાયણ જ સમૂહમાં મોટેથી ગાઈને ૨ કલાકની ૨ બેઠકમાં પૂર્ણ કર્યું. સાંજની બેઠકમાં ડીવીડી દર્શન સાથે થોડું વિશેષ સંકીર્તન પણ કર્યું. આ વિશેષ



દિને સાધકોની સંખ્યા પણ ૬૦ જેટલી હતી. મોટા ભાગના સાધકોએ આ પાવન દિવસનું મહત્ત્વ સમજીને નિર્જળા કે પાણી પર વ્રત કર્યું હતું. ખૂબ જ થોડાએ ફળ દૂધનો સહારો લીધો હતો. પરંતુ એ દિવસે રસોડામાં સંપૂર્ણ રજા જ રાખી હતી. ૧૮ માર્ચ એ આપણા સૌ માટે વિશેષ દિન હોઈ, એના માહાત્મ્યને સમજીને જેટલું પણ કરીએ તેટલું ઓછું છે. એવા વિચાર સાથે સૌ કોઈએ પોતાની સૂઝ પ્રમાણે સાધનામય કે પ્રભુમય બની દિવસ પસાર કર્યો.

જે જે પંદર વીસ કે આખા મહિના માટે રહ્યા, તેમની સાધના માટેની નિયમિતતાને જોઈ આ આખા પર્વને સાર્થક ને સફળ ગણી શકાય. આ એક સાધનાપર્વ હોવાથી ફરવાના આનંદ કરતાં સાધનાનો સંતોષ પામવાનું મહત્ત્વ હોય તે જરૂરી હતું. પૂ. 'મા'ની લૌકિક કે સ્થૂળ સંનિધિના અભાવે એમની દિવ્યતાને માણવાનો આ અવસર હતો. કેટલાંક સાધકોએ સાંજે એક કલાક ચાલવાનો ક્રમ રાખ્યો હતો. કોઈવાર વળી પર્વત પર વસેલાં ગામની મુલાકાત પણ લેતાં ત્યાંથી બરફનાં પર્વતોનું સુંદર દર્શન થતું. સૌએ એક દિવસ ૧૨ કિલોમીટરની નાનકડી પદયાત્રાનો આનંદ પણ માણ્યો. રસ્તે આવતાં એક બે આશ્રમની મુલાકાત લઈ ત્યાં થોડું સંકીર્તન પણ કર્યું.

સાચું કહું તો...આપણી અંદર સ્વાર્થના જાળા અને આપણા અહમને પોષવા, પોતાનું જ મહત્ત્વ બતાવવાના એવા સંસ્કારો પડેલા છે, જેને અત્યંત જહેમતને અંતે પણ નાબૂદ કરવા ખૂબ અઘરાં છે. આવા સાધનાના પ્રયોગો દ્વારા પૂ. 'મા' જ આપણને જગાડીને એ દિશા તરફ દોરી શકે. પૂ. 'મા'ના આવા પ્રયત્નો જ એ સંસ્કારોને ઓછા કરવામાં મદદરૂપ બની શકે. એકંદરે આ પ્રયોગની પૂર્ણાહુતિએ એટલું તારણ કરી શકાય કે પૂ. 'મા'ની સંનિધિમાં આવા પ્રયોગ વધુ થાય તો આપણી સાધનાને વધુ વેગ મળે. જીવન પરિવર્તનનો અવકાશ મળે. એટલે એ અત્યંત આવકાર્ય છે.

—શ્રી રાજીવ જાની

## ॥ હિમાલયની પૂણ્યભૂમિમાં સાધના ॥

હિમાલયના ઉત્તુંગ પહાડો અને વનરાજીઓ સાથે પરાપૂર્વનો સંબંધ હોય તેમ નાનપણથી જ એ મને આકર્ષે છે. વર્ષો સુધી અનેક વખત સપનામાં એ પહાડીઓનાં દર્શન થયા છે અને તેની ઉપર ઊડ્યો છું. રોજ આ એક જ સપનું આવતું. ઘર અને પરિવારને છોડીને કાયમ માટે હિમાલયમાં ચાલ્યા જવાની અથવા બીજા શબ્દોમાં કહીએ તો પ્રાપ્ત કર્તવ્યો અને પરિસ્થિતિ અનુકૂળ ન હોવાથી તેમાંથી નાસી જવાની ઇચ્છા પણ ઉદ્‌ભવી હતી પણ પૂ.'મા' મળ્યા પછી તેમને છોડીને બીજે કશે જવાની ઇચ્છા થતી નથી. એક સમય હતો જ્યારે સિદ્ધનાં દર્શન માટેની ઇચ્છાથી હિમાલય જવાનું થયેલું પણ જોઈતી સફળતા મળી નહોતી. ૨૦૧૬માં પ્રભુ જ્યાં વિચર્યા હતા તે સ્થળોની મુલાકાત લઈને ત્યાં રહેવાની મહત્ત્વાકાંક્ષા સાથે પ્રથમ વખત હિમાલયપ્રવાસમાં ગયો હતો ત્યારે કેટલાક દિવસો સુધી દેવકીબાઈ ધર્મશાળામાં રોકાવાનું બન્યું હતું અને ભરતમંદિર, દેવપ્રયાગ, શિવાનંદ આશ્રમ વગેરે સ્થળોની મુલાકાત લીધી હતી. તે પછી યુવાનોની પદયાત્રાઓ અને પૂ.'મા' હરિદ્વાર હોય ત્યારે તેમના શ્રી સાન્નિધ્યમાં ઉત્તરાખંડની પુણ્યભૂમિ પર રહેવાનું બન્યું છે.

શતાબ્દી વર્ષની ઉજવણીના ભાગરૂપે પૂજ્ય પ્રભુ જ્યાં વર્ષો સુધી રહીને તપ્યા તે હિમાલયમાં સાધના અને સત્કર્મ માટે જવાનો પૂ.'મા' તરફથી પ્રસ્તાવ મળ્યો ત્યારે જ હર્ષભેર વધાવી લીધો હતો અને એ દિવસો ક્યારે આવે તેની પ્રતીક્ષા રહેતી હતી. આખરે એ દિવસો આવી જ ગયા. 'એક માસ હરિ કે નામ' કાર્યક્રમ માટે મેં ૧૧ દિવસ માટે નામ નોંધાવ્યું હતું.



તા.૧૯ની ટ્રેનમાં અમદાવાદથી નીકળ્યા બાદ તા.૨૦ના હરિદ્વાર અને ત્યાંથી શ્રીરાજીવભાઈના પરિવાર સાથે એ જ દિવસે રાત્રે ઉત્તરકાશીથી ૧૬ કિ.મી. દૂર સાધનાના સ્થળે પહોંચવાનું બન્યું હતું.

અગાઉથી નક્કી ક્યું હતું કે સાધનામાં આસનસિદ્ધિ એ પ્રાથમિક આવશ્યકતા છે. એક જ સ્થળે સુખપૂર્વક લાંબા સમય સુધી બેસી શકાય એટલે અડધો જંગ જીતી ગયા કહેવાય. એટલે એના ઉપર જ સૌથી વધુ ધ્યાન આપવાનું હતું. પ્રથમ દિવસથી જ મૉબાઈલ સાઈલન્ટ કરી દીધો હતો અને અંતિમ દિવસ સુધી કોઈનો પણ ફોન ઉપાડવાનું કે ફોન કરવાનું બંધ જ હતું. આમ તો આ રીતે મૌનમંદિરમાં બેસીને એકાંતમાં સાધના કરવાનો અનુભવ ખરો અને તે અનુભવો ઘણા જ સુખદ રહ્યા હોવાથી હિમાલયમાં સાધના માટે ઘણો જ ઉત્સાહ હતો. નક્કી તો એવું કરેલું કે રોજ મોડામાં મોડા સવારે ૪ વાગ્યે ઊઠી જવું પણ ગરમ પાણી સવારે ૫ થી ૬ વાગ્યાની વચ્ચે જ અપાતું થતું હતું. પ્રથમ દિવસે ઠંડા પાણીએ સ્નાન કર્યું પણ શરદી થઈ ગઈ હતી. પૂજ્ય 'મા'એ અગાઉથી 'ચાલશે, ફાવશે' જેવા મંત્ર જપવા માટે પત્ર દ્વારા મંગલ માર્ગદર્શન પૂરું પાડેલું તેથી આવનારી તમામ પ્રકારની પરિસ્થિતિનો સપ્રેમ સ્વીકાર હતો. બીજી એક સમસ્યા પ્રથમ દિવસથી જ ત્યાંની ઠંડીને કારણે શરદી થઈ જવાની હતી. શરદી મટાડવા માટે ત્યાં જે દેશી પદાર્થો જોઈએ એ ત્યાં ઉપલબ્ધ નહોતા અને સ્થળ ગામથી દૂર હોવાથી મળી શકવાની સંભાવના બહુ જ ઓછી હતી. આ શરદી છેક સુધી રહી.

પ્રથમ દિવસે સમૂહપ્રાર્થના અને પ્રણામવંદના બાદ રિસૉર્ટની નીચે પાછળના ભાગે ગંગાજીના કાંઠે સાધના માટે જવાનું બન્યું.

ચારે તરફ હિમાલયના પર્વતો અને નીચે ગંગાજી વહેતાં હતાં. ગંગોત્રીની યાત્રા શરૂ થઈ ન હોવાથી વાહનોનો પણ કોઈ જ અવાજ નહીં. ખૂબ જ શાંતિ હતી. એક જગ્યાએ આસન જમાવ્યું અને બપોરે જમવાનો સમય થાય ત્યાં સુધી ત્યાં જ બેસીને ધ્યાન જપ કરવાના અને જમ્યા પછી કપડાં ધોવાનાં અને તે પછી ફરીથી સાંજ સુધી ત્યાં બેસીને ધ્યાન જપ વગેરે કરવાનું બનતું હતું. રોજ ૧૮૦ થી ૨૦૦ માળા જપ થતા હતા, સરેરાશ ૩ કલાક સવારે અને ૩ કલાક બપોર પછી બેસવાનું બનતું હતું. રોજ સવારે ૮ થી સાંજના ૮ સુધી મૌન રાખવાનું અને અમુક સમયે સદ્ગ્રંથોનું પારાયણ કરવાનું પણ બનતું હતું.

બે દિવસ સુધી એક સ્થળે બેસ્યા બાદ ત્રીજા દિવસે એક વડીલ ત્યાં આવ્યા ત્યારે હું આંખો બંધ કરીને બેઠો હતો. તેમણે મને ઉઠાડવા માટે અવાજ કરવાનું ચાલુ કર્યું પણ મેં કોઈ પ્રત્યુત્તર આપ્યો નહીં કે સામે જોવાની દરકાર પણ લીધી નહીં. મને હતું કે તેઓ ચાલ્યા જશે પણ તેઓએ નજીકમાં જ બેઠક જમાવી હતી. મનમાં વિચારોના તરંગો ઊઠતા હતા અને શાંતિનો ભંગ થઈ ગયો હતો. બપોરે હું ઊઠ્યો ત્યો તેમણે કહ્યું કે આ મારી જગ્યા છે અને કાલથી અહીં બેસશો નહીં. બીજા દિવસે થોડી તપાસ કરતાં નદીના કાંઠે બીજી તરફ થોડે દૂર ખૂબ જ સુંદર જગ્યા મળી ગઈ. આ જીવનમાં પોતાના માની લીધેલા અને ગમતા દરેક સ્થળ પણ આ રીતે જ છોડીને ચાલ્યું જવાનું છે તેનો પદાર્થપાઠ આ પ્રસંગ ધરતો હતો. નવા સ્થળે કોઈ આવતું નહીં અને સુખરૂપ સાધના થઈ શકતી હતી. ગંગાજીના કાંઠે પ્રવાહની બાજુમાં જ પથ્થરોની વચ્ચે એક સપાટ જગ્યા મળી



ગઈ હતી. જો કે અંતિમ બે દિવસોમાં સાંજના સમયે ત્યાં ટોળામાં લોકોનું આવવાનું શરૂ થયેલું અને વાતો કરતા એટલે ચિત્ત એ તરફ જતું હતું. રૂમમાં પણ વાતો થતી હોવાથી ત્યાંનું વાતાવરણ પણ સાધના માટે અનુકૂળ નહોતું. મૌન હોવા છતાં ઘણા લોકો વાતો કરાવવા માટે પ્રયત્ન કરતા ત્યારે પણ પ્રભુને પ્રાર્થના કરવાનું બનતું હતું. મૌનની અસર એવી થતી કે જરા સરખા ડિસ્ટબરન્સથી પણ શાંતિનો ભંગ થતો લાગતો હતો. જો અન્ય લોકો સાથે કોઈ સંપર્ક ન રહે, ડિસ્ટર્બ ન થવાય તો વાતાવરણનો ખૂબ સારી રીતે લાભ લઈ શકાય તેવું સ્થળ હતું.

અહીં શ્રી કનુભાઈનું હાસ્ય બધા લોકો માટે ચર્ચાનો વિષય બન્યું હતું. મૌન પૂરું થાય પછી શાંત વાતાવરણમાં ખૂલીને હસતા કનુભાઈનું હાસ્ય દૂર સુધી સાંભળી શકાતું. લોકો તેમને ન હસવા માટે કહેતા કારણ કે આપણે એવું ધારાધોરણ નક્કી કરેલું છે કે આપણે ખૂલીને હસી પણ શકીએ નહીં ! પ્રસન્નચિત્તતા એ સાધકની નિશાની છે અને ખૂલીને હસી શકે એ પણ ઘણી જ મોટી વાત કહેવાય.

સાધના પૂરી થયા પછી અંતિમ દિવસે ગંગોત્રીની યાત્રામાં શ્રી કનુભાઈની સેવાભાવનાના કારણે રામકૃષ્ણ મિશનના એક સ્વામીજી અમારી સાથે આવ્યા હતા. તેમની સાથે ચર્ચામાં ઘણી જ રસપ્રદ માહિતીઓ મળી. ગંગોત્રીમાં શિયાળામાં માઈનસ ૩૦ ડીગ્રી તાપમાન થાય ત્યારે પણ અમુક સંતો તેમાં રહેતા હતા. રાત્રે સ્વામીજી રિસૉર્ટમાં અમારી સાથે રોકાયા ત્યારે પણ હું અને કનુભાઈ તેમને મળવા માટે ગયા હતા. અંતિમ દિવસે તેમને ઉત્તરકાશીમાં છોડીને કનુભાઈ બસમાંથી નીચે ઊતરીને

તેમને વિદાય આપવા માટે ગયા. કનુભાઈની સેવાભાવના કાબીલેદાદ હતી.

શ્રી કનુભાઈની આંતરિક સ્થિતિનો બીજો અદ્‌ભુત પરિચય પણ અહીં જોવા મળ્યો. અંતિમ દિવસોમાં સાથે રહેલો સામાન કઈ રીતે ગુજરાત પહોચાડવો તે સમસ્યા હતી અને ઘણા લોકોએ તો ના પણ પાડી દીધી હતી. સૌથી વધુ સામાન કનુભાઈ પાસે હતો; તે એટલો બધો હતો કે બીજા લોકોને તેની ચિંતા થતી હતી પણ કનુભાઈને કોઈ જ ચિંતા નહોતી. સામાનમાં વધારો થાય તો પણ હસતા હસતા લઈ જવાની તેમની તૈયારી હતી. જ્યારે બીજા લોકો ઘણી જ ચિંતામાં હતા. આખર પૂ.'મા'ની કૃપાથી તમામ સામાન સહીસલામત પહોંચી પણ ગયો. કનુભાઈની આ સ્થિતિ પણ અદ્‌ભુત હતી. તેમનો સરળ ભાવ, સેવાની ભાવના અને સાધનાપરાયણતા હંમેશાં મને પ્રેરણા પૂરી પાડે છે. શ્રી ચંદ્રકાંતભાઈ અને બીજા સાધકો પણ મૌન રહીને ખૂબ જ સુંદર સાધના કરી રહ્યા હતા.

હિમાલયથી પરત ફર્યા બાદ પૂ.'મા'એ 'હિમાલયના તપસ્વી' કહીને સ્વાગત કર્યું અને ટકોર પણ કરી કે, આપણે ગમે ત્યારે ટ્રેનમાંથી નીચે ઊતરી જનારા છીએ અને કપડાં ખરીદવા બેસી જઈએ છીએ. 'સ્વર્ગારોહણ' આવ્યા તો શું કામ આવ્યા છીએ ? તે યાદ રાખવાનું છે અને એ સ્થળનો સાધના કરીને લાભ લઈ લેવાનો છે. સેવા જાતે જ શોધી લેવાની છે. પૂજ્ય'મા'નું આ વાક્ય ઘણું જ સૂચક છે.

**—શ્રી યોગેશ કવીશ્વર**



# ॥ ઉત્તરકાશી સાધના—સત્કર્મ પર્વ ॥

પૂ.શ્રીની હિમાલયની કઠોર સાધના વિશે ઘણી બધી વાર વાંચેલું અને સાંભળેલું ત્યારે એમ થતું કે આપણે આવી પવિત્ર અને શાંત જગ્યાએ ક્યારે જઈને સાધના કરીશું ? પૂ.શ્રી'મા' એ ઇચ્છા પૂરી કરી.

શતાબ્દી પર્વે પૂ.શ્રી'મા'એ આખો માર્ચ મહિનો હિમાલયની પવિત્ર ભૂમિ ઉત્તરકાશીમાં સાધના અને સત્કર્મ માટે શ્રી રાજીવભાઈ અને અજયભાઈને ઉત્તરકાશી મોકલીને બધી જ વ્યવસ્થા ગોઠવી આપી. ઉત્તરકાશીથી ૧૬ કિમી દૂર ગંગોત્રી હાઈવે ઉપર હૉટેલ 'લીલા પેલેસમાં' રહેવાનું આયોજન થયું. હું કોઈપણ રીતે એક માસ સાધના કરવા ક્યાંય ગયો ન હતો. એટલે હિમાલયમાં ગંગાજી અંકે જવાનો રોમાંચ હતો. અમારે મન તો જ્યાં પૂ.શ્રી'મા' હોય ત્યાં જ સર્વ તીર્થ છે. ખરેખર મનમાં એમ જ હતું કે પૂ.શ્રી'મા' પધારશે તેવા આનંદ ને વિશ્વાસ સાથે ૩૧ દિવસ માટે નામ નોંધાવી દીધું. મન એની રીતે યોજનાઓ ગોઠવતું હતું પરંતુ મને ક્યાં ખબર કે 'મા' એ બધી જ યોજના પહેલેથી જ ગોઠવી રાખેલી હતી !

'એક માસ હરિના નામે' આખો કાર્યક્રમ ગોઠવાયો. જાન્યુઆરી માસમાં કાર્યક્રમ જાહેર થયો ત્યારે પૂ.શ્રી'મા' હરિદ્વાર બિરાજમાન હતાં એટલે એમ હતું કે 'મા' પણ આ કાર્યક્રમમાં પધારશે, પરંતુ ફેબ્રુઆરી માસમાં ખબર પડી કે 'મા' તો 'સ્વર્ગારોહણ' પધારી ચૂક્યાં છે એટલે હવે દ્વિધા હતી કે શું કરવું પણ ૨૨ ફેબ્રુઆરીએ પૂ.શ્રી'મા'નો આશીર્વાદ સાથેનો સંદેશ આવ્યો કે ''દેવભૂમિ હિમાલયમાં જે ભૂમિ ઉપર પૂ.શ્રીનો નિવાસ રહ્યો તે પવિત્ર ભૂમિનાં દૈવી પરમાણુનો પૂરો લાભ લઈ સરસ સાધના કરી ગુજરાત પ્રેમથી

પધારજો.'' એટલે ઉત્તરકાશી જવાનું નક્કી કરી દીધું.

ઉત્તરકાશી જવા માટે મેં ટ્રેનની ટિકિટ કઢાવી રાખેલ હતી પરંતુ શ્રી રાજીવભાઈનો ફોન આવ્યો કે આપણે ત્યાં એક સ્કૂટર અને ગાડી જોઈશે. જાન્યુઆરી માસમાં મારા મોટા જીજાજી અચાનક જ દેવ થઈ ગયા હતા. તેમનું સ્કૂટર હતું એટલે મેં બેનને લઈ જવા માટે પૂછ્યું તો તેમણે કહ્યું કે જીજાજી તો ઉત્તરકાશી ક્યારેય ગયા નથી તો તેમની વિદાય પછી તેમનું સ્કૂટર જશે તો મને ખૂબ આનંદ થશે. એટલે અમે વડોદરાથી ગાડીમાં સ્કૂટર હરિદ્વાર મોકલાવી દીધું અને તારીખ ૨૪ ફેબ્રુઆરીએ હું 'સ્વર્ગારોહણ' પહોંચી ગયો. અમે ચાર (શ્રી રાજીવભાઈ, શ્રી અજયભાઈ, શ્રી હેમીશભાઈ) શ્રી અજયભાઈની ગાડીમાં સામાન સાથે ૨૫ ફેબ્રુઆરીએ સવારે ૭ કલાકે સ્વર્ગારોહણથી કુટિયામાં પંચદેવોને પ્રણામ કરીને ઉત્તરકાશી જવા નીકળ્યા. પૂ.શ્રી'મા'એ રસ્તામાં ખાવા માટે ખૂબ જ પ્રસાદ આપેલો. રાત્રે ૧૧ કલાકે દિલ્હી આવી પહોંચ્યા અને અચાનક જ ઠંડી શરૂ થઈ ગઈ અને ગાડી ઉપર બરફનાં મોટાં મોટાં કરા પાડવા માંડ્યાં. પૂ.શ્રી'મા'ની કૃપાથી સંપૂર્ણ રક્ષા સાથે સવારે ૪ કલાકે અમે હરિદ્વાર આવી પહોંચ્યાં એક દિવસ અમે હરિદ્વારમાં ખરીદી માટે રોકાયા અને તારીખ ૨૭ ફેબ્રુઆરીએ ઉત્તરકાશી જવા માટે નીકળ્યા. ૨૧૬ કિ.મી. અંતર કાપીને સાંજે હૉટેલ 'લીલા પેલેસ' પહોચ્યાં. સ્વર્ગારોહણથી અમે પ્રણામ ગાદી, પુસ્તકોથી લઈને ઘણા બધા સામાન સાથે ટૅન્ટ પણ લાવ્યા હતા. જે અમે હૉટેલની પાછળ જ ગંગાજીકિનારે ઊભા કરી દીધા. આ બંને ટૅન્ટ સૌ ભક્તોને પ્રાર્થના-ધ્યાન માટે ખૂબ જ ઉપયોગી થયા. શરુઆતના ૧૦ દિવસ ઠંડી ખૂબ હતી એટલે પૂ.શ્રી 'મા'નો સંદેશ આવ્યો કે કોઈને પાછું આવવું હોય તો આવી શકે છે પરંતુ પૂ.શ્રી 'મા'ની કૃપાથી થોડા દિવસોમાં ઠંડી પ્રમાણસરની થઈ ગઈ. સાધનાના નિયમો સ્વતંત્ર હતા. આખો દિવસ સવારે ૮ થી



સાંજના ૮ સુધી મૌન રાખવાનું હતું. મારે ઑફિસનું કામ પણ રહેતું એટલે સતત મૌન પળાતું ન હતું.

પૂ.શ્રી'મા'એ સાધના સાથે સત્કર્મ માટે પણ ખૂબ જ યોગ્ય સ્થળની વ્યવસ્થા ગોઠવી આપેલી. ઉત્તરકાશીમાં 'બાબા કાલીકમલીવાલા' અને 'પંજાબીક્ષેત્ર' એમ બે અન્નક્ષેત્ર છે જ્યાં રોજ ૫૦-૬૦ સાધુ સંતો અને દંડીધારી સંતો ભિક્ષા માટે સવારે ૧૦ થી ૧૧ દરમ્યાન આવતા. પૂ.શ્રી એ પણ 'બાબા કાલીકામલીવાલા' અન્નક્ષેત્રમાંથી ભિક્ષા લીધેલ હતી. અમે દરે ૨-૩ દિવસે જે નવા ભક્તો આવે તેમને ઉત્તરકાશી લઈ જતા અને તેઓ દ્વારા તેમના હાથે જ સત્કર્મ થતું. તારીખ ૭ માર્ચે પૂ.શ્રી'મા' એ મસુરી પૂ.શ્રીની શાળામાં ૮૦૦ વિદ્યાર્થીઓને ધાબળા, હાશ ચીકી અને બિસ્કિટ-કૅડબરીનો પ્રસાદ આપવાનો કાર્યક્રમ ગોઠવ્યો હતો. ત્યારબાદ ઉત્તરકાશીની એક શાળામાં પણ ૩૧ વિદ્યાર્થીઓને યુનિફોર્મ, સ્વૅટર, સ્કૂલબૅગ, ધાબળા, હાશ ચીકી અને બિસ્કિટ-ચવાણુનો પ્રસાદ ભક્તો તરફથી અપાયો.

હૉટેલ 'લીલા પેલેસ'માં રોજની સાધના તારીખ ૧ માર્ચથી શરૂ થઈ પણ પૂ.શ્રી'મા'ની સ્થૂળ ગેરહાજરી સૌને સાલતી હતી. અંતર્યામી પૂ.શ્રી'મા' સૌનું મન પામી ગયાં એટલે તારીખ ૫મી માર્ચના રોજ પૂ.શ્રી'મા'નો ત્રીજો ખૂબ જ સરસ આશીર્વાદ સાથેનો સંદેશ આવ્યો. એ પત્રમાં પૂ.શ્રી'મા'એ સૌને કામચલાઉ તપસ્વી મહાત્માઓની પદવી આપી અને કહ્યું કે આપણા ગુરુદેવ પ્રભુ વરસો સુધી હિમાલયમાં રહ્યા એ પવિત્ર ધરતી ઉપર આપણું પણ મહાભાગ્ય ઉઘડ્યું છે, એ પવિત્ર વાતાવરણનો મૌન-નિયમો સાથે લાભ લેવા જેવો છે. આવો અવસર જીવનમાં વારે વારે ના આવે. સાધનાનો પહેલો પ્રયોગ ચાલી રહ્યો છે. સૌ ઉપર

ગંગાજીના, હિમાલયના સર્વ સિદ્ધ સંતોના, પૂ.શ્રી ગુરુદેવ પ્રભુના આશીર્વાદ વરસતા રહો. પૂ.શ્રી'મા'ના આ પત્રે અમારા સૌ માટે સાધના માટે ઉત્સાહ ધરવાનું કાર્ય કર્યું. મને એમ થયું કે પૂ.શ્રી'મા' આપણે સાધના કરીએ, સારું જીવન બનાવીએ એ માટે કેટકેટલા પ્રયત્ન સતત કરે છે. છતાં આ મન થોડા સમયના વૈરાગ્ય પછી પાછું સંસારમાં ડૂબી જાય છે.

અહીં રોજ સવારે વહેલું જાગી જવાતું હતું. અહીં એક ઓપન હૉલની સરસ વ્યવસ્થા હતી તેમાં મા-પ્રભુનાં સ્વરૂપની બાજુમાં જ આપણો રાષ્ટ્રધ્વજ ફરકતો રહેતો અને સામે જ હિમાલયના પર્વતોનાં દર્શન થયા કરે એ દ્રશ્ય અને વાતાવરણ ખૂબ જ શાંતિ અને ઉત્સાહ ધરનારું હતું. ભાગીરથીના દર્શન અને મોજાંનો કલકલ નિનાદ ૨૪ કલાક અમારી રૂમમાંથી સંભળાયા કરતો. સવારના ૬ થી ૯ નો સમય પ્રણામ-કસરત-પ્રાણાયામ, વંદના તથા 'સ્વર્ગારોહણ'ની નિત્ય પ્રાર્થના સાથે ખૂબ શાંતિ અને મૌન સાથે પસાર થતો. ૯ થી ૧૦ દૂધનો પ્રસાદ મળતો. ૧૦ વાગ્યાથી ૧૨.૩૦ સુધી સૌ ગંગાજી અંકે પોતાની સ્વતંત્ર સાધના કરતાં. બપોરે ભોજન બાદ ઘણીવાર ગંગાજીમાં સ્નાન કરવા જતાં. સાંજે રોજ અલગ અલગ જગ્યાએ આજુબાજુના પહાડોમાં મૌન સાથે પદયાત્રા કરતાં. સાંજે ૬.૩૦ કલાકે ભોજન થતું ત્યારબાદ રાત્રે ૭.૩૦ થી ૯ સુધી પૂ.શ્રીનાં ડી.વી.ડી. દર્શન અને સમૂહપ્રાર્થના થતાં. ૧૪ માર્ચે અમે ગંગોત્રી હાઈવે પર એક નાની ૧૨ કિમીની પદયાત્રાનું પણ આયોજન કર્યું હતું. હિમાલયના આ પર્વતો અને ભાગીરથીના સાન્નિધ્યમાં મૌન અને જપ સાથે ચાલવાનો આનંદ અનેરો હતો. સૌ ભક્તોએ 'મા'એ આપેલો 'ચાલશે-ફાવશે-ગમશે' મંત્ર અપનાવ્યો હતો. સૌની રહેણીકરણી વિચાર અલગ



તેમ છતાં એક જ 'મા'નાં બાળકો હોવાથી સંપ, પ્રેમથી રહી શક્યા તે જ બતાવે છે કે અમારાં 'મા' સૌની સાથે હતાં. હે 'મા' અમારામાં રહેલા દુર્ગુણો રાગ, દ્વેષ, કામ, ક્રોધ, અહંકાર દૂર કરો તો જ અમે 'મા'નાં દિવ્ય સ્વરૂપનાં દર્શન કરી શકીશું. 'મા'ની ભક્તિને કંઈક અંશે સમજી શકીશું.

ઉત્તરકાશીથી 'સ્વર્ગારોહણ' પાછાં વળતાં પૂ.શ્રી'મા'ની શક્તિનો અનુભવ થયો. ૨૮ માર્ચે સવારે ૫.૩૦ કલાકે 'વરદ હસ્ત' પ્રાર્થના અને પ્રણામ કરીને હું સ્કૂટર લઈને હરિદ્વાર જવા માટે નીકળ્યો. સ્કૂટરમાં પેટ્રોલ એટલું બધું ઓછું હતું કે પેટ્રોલપંપ સુધી પહોંચાય તેવું ન હતું અને પેટ્રોલપંપ પહાડી વિસ્તારમાં ૮-૯ કિમી દૂર હતો તપાસ કરી તો ખબર પડી કે પેટ્રોલપંપ ૭ વાગ્યા પછી ખૂલે છે અને ટાયરમાં હવા પણ ખૂબ જ ઓછી હતી. પૂ.શ્રી'મા'ને પ્રાર્થના કરી કે 'મા' આજની યાત્રા પાર કરાવજો. વચ્ચે વચ્ચે રસ્તો એટલો ખરાબ કે નવાં ટાયર હોય તો પણ પંચર થઈ જાય અને ટાયરમાં હવા પણ એટલી ઓછી કે મને એમ થયું કે કેવી રીતે હું પહોંચીશ ? ધીરે ધીરે પેટ્રોલપંપ પાસે પહોંચ્યો તો પંપ ખુલ્લો હતો. મેં પેટ્રોલપંપવાળા ભાઈને પૂછ્યું કે આ પંપ કેટલા વાગે ખૂલે છે તો તેમણે જવાબ આપ્યો કે ૭ વાગ્યા પછી ખૂલે છે પણ આજે હું આમ જ વહેલો આવી ગયો. રોજના સમયથી વહેલો, એક કલાક વહેલો પેટ્રોલપંપ પૂ.શ્રી'મા' સિવાય કોણ ખોલાવે ? પૂ.શ્રી'મા'નો આભાર માન્યો કે અને 'મા' ને કહ્યું કે 'મા' પેટ્રોલ તો પૂરાયું પણ આ સ્કૂટરને આટલી વહેલી સવારે પંચર કોણ બનાવી આપશે ? સતત 'રક્ષમામ્'નો જપ કરતાં કરતાં, પૂ.શ્રી'મા'નું નામ લેતાં લેતાં, લગભગ ૩૦ કિમી પછી એક દુકાન મળી ત્યાં તે ભાઈએ પંચર બનાવી આપ્યું. ટાયરમાંથી મોટી ખીલી નીકળી પણ આશ્ચર્ય એ વાતનું હતું કે પંચર થયેલું સ્કૂટર ખરાબ પહાડી વિસ્તારમાં ૩૦ કિમી સુધી કેવી રીતે ચાલે ?

પૂ.શ્રીનો ટીહરીનો પ્રસંગ યાદ કરતાં કરતાં હિમાલયરાજના અદ્‌ભુત સૌંદર્યનાં દર્શન કરતો કરતો સાંજે ૪ વાગે હરિદ્વાર પહોંચ્યો. બીજે દિવસે શ્રી હેમિશભાઈની ગાડીમાં હરિદ્વારથી સ્વર્ગારોહણ આવી ગયા.

હે 'મા' આપની ઈચ્છા એ જ અમારી ઈચ્છા બની જાઓ. 'મા' આપ સાથે રહીને અમારી પાસે સાધના, સત્કર્મ, કોઈને ઉપયોગી થવું આ બધાં કાર્ય અમને નિમિત્ત બનાવીને કરાવી રહ્યાં હોય તેવો અનુભવ થયો. 'મા'ની કૃપા અને આશીર્વાદ વિના કોઈ કાર્ય શક્ય નથી. 'મા', હવે આ જ સાધના 'સ્વર્ગારોહણ'માં પૂ.શ્રી'મા'ના સાન્નિધ્યમાં થાય તો ઉત્તમ, તેવી પ્રાર્થના. સત્કર્મ દરમ્યાન જે બાળકો હૂંફના હકદાર છે તે સૌના મુખ ઉપર આનંદ અને પ્રસન્નતા જોવા મળી. શ્રી રાજીવભાઈ અને શ્રી અજયભાઈ સાથે સૌ ભક્તોએ આ કાર્યક્રમ પાછળ તન-મન-ધનથી સેવા આપી છે. સૌ ભક્તોને શુદ્ધ અને સાત્ત્વિક ભોજન મળી રહે એ માટે વડોદરાથી બે રસોઈ બનાવનાર ભાઈઓને લાવ્યા હતા. શ્રી ભરતભાઈ અને શ્રી અતુલભાઈએ ભોજન તૈયાર કરવાની સરસ સેવા આપી. રાજીવભાઈએ 'પ્રામાણિક' સ્ટોરનો પણ સફળ પ્રયોગ કર્યો. પૂ.શ્રી'મા' સ્વયં અનેક સ્વરૂપે સૌની સાથે રહી કાર્ય કરતાં હોય તેવું અનુભવાતું. હે 'મા' અમારું મન આપ લઈ લો તો જ પૂ.શ્રી'મા'ની ઈચ્છા એ જ અમારી ઈચ્છા બની જશે. 'મા'નું સતત સ્મરણ રહે તેવી આપ જ કૃપા કરો. 'મા'નાં કાર્ય કરવા માટે તક, સૂઝ, સમજણ, શક્તિ આપો. તન મન અને ધનથી નિઃસ્વાર્થ ભાવે 'મા'નાં કાર્યો કરવા માટે તત્પર તક ઝડપી લઈએ તેવી સદ્‌બુદ્ધિ અને સારા સંસ્કાર આપો. 'મા' આપ જ અમારાં સર્વસ્વ છો. હે 'મા' આપના શ્રીચરણોમાં આપના આ પ્રિય બાળકનાં કોટિ કોટિ પ્રણામ !

**–શ્રી આશિષ જોષી**



# ॥ ઉત્તરકાશી સાધનાપર્વ ॥

આપણે સૌ ખૂબ સદ્‌ભાગી જીવો છીએ કે આપણને સૌને બે-બે સમર્થ સદ્‌ગુરુનું મહાછત્ર મળ્યું છે. 'શ્રી મા' જ્યારે હરિદ્વાર શ્રી ગંગાજી અંકે હતા ત્યારે એક સંદેશો પ્રાપ્ત થાય છે. 'શ્રી મા' કહે છે. પૂજ્ય શ્રી પ્રભુના શતાબ્દી પર્વે એક નવો પ્રયોગ કરવાનું વિચાર્યું છે. આપ એક માસ 'હરિના નામે' કરવા તૈયાર છો ? અમે તરત જ 'શ્રી મા'ના આદેશને વધાવ્યો કે 'શ્રી મા' અમે તૈયાર છીએ. અને પછી 'શ્રી મા' કહે છે. વધુ વિગતે પછી જણાવીશું. અને પછી મનમાં કેટલાંય પ્રશ્નો ઉદ્‌ભવે છે. ક્યારે જવાનું થશે ? જગ્યા કેવી હશે ? શેમાં મુસાફરી કરીશું, રજા મળશે કે કેમ ? આર્થિક સગવડ થશે ? ત્યાં સાધનામાં શું શું કરીશું ? 'શ્રી મા' એ સ્થાનમાં આવશે કે કેમ ? પણ પછી થયું કે જે 'શ્રી મા' એ જ જો આયોજન કર્યું હોય તો આપણે ચિંતા કરવાની જરૂર જ શું ? એ પરમચેતના અત્યાર સુધી આપણાં બધા જ પ્રસંગે પડખે જ ઊભા હોય છે ને રહેશે. 'મા'ને યાદ કરતાં જ બધા જ પ્રશ્નોનો જાણે પૂર્ણવિરામ થઈ ગયો.

કેટલાં સમર્થ આપણાં 'શ્રી મા–પ્રભુજી' છે. તે આપણાં સૌની સમજ બહારની વસ્તુ છે.

તારીખ ૨૦ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ મેસેજ પૂજ્ય'મા'ની યુવાસેનામાં ચમકે છે. અને તરત જ એ મેસેજ એકી શ્વાસે વાંચી જવાય છે. તારીખ ૧ ફેબ્રુઆરી સુધીમાં સૌ એ ઉત્તરકાશીમાં સાધના માટે નામ આયોજકોને લખાવવાનાં હતા એટલે અમે ૨૦ દિવસ માટે નામ લખાવ્યું.

ઉત્તરકાશીમાં સાધના-સત્કર્મ પર્વ માટે ઘણાં બધાં સાધકોના

નામો નોંધાયા હતા. જાણે સૌ 'શ્રી મા'ની ઇચ્છાને અનુસરવા આતુર હોય તેવું લાગ્યું.

દરવખતની જેમ આ વખતે પણ 'શ્રી મા'ના કૃપા અનુગ્રહ ને લીધે કોઈપણ મુશ્કેલી વિના રજા પાસ થઈ ગઈ. ત્યાર બાદ દહેરાદૂનની પ્લેનની ટિકિટ ફક્ત રૂ.૩૦૦૦/—માં જ મળી ગઈ. હવે દેહરાદૂનથી ઉત્તરકાશી જવા માટેની ચિંતા થઈ કે ત્યાં સુધી બસમાં જઈશું કે ગાડીમાં ? કારણ ગાડીમાં ૬૫૦૦/—રૂ. થતા હતા. 'સ્વર્ગારોહણ'માંથી સ્નેહલભાઈનો ફોન આવે છે. એક સાધક મોટી ગાડી કરવાના છે. તેમાં જ તમે દેહરાદૂનથી ઉત્તરકાશી જજો. આ સંદેશો સાંભળી એવું પ્રતીત થયું કે 'શ્રી મા'એ અમારી ચિંતા હરી લીધી. આપણે કોઈ વસ્તુ માટે એક નાનો સરખો વિચાર પણ કરીએ અને 'શ્રી મા' જાણે આપણી સર્વ સાત્ત્વિક ઇચ્છાઓ શાંત કરી દે છે.

પૂજ્ય 'શ્રી મા'નો તારીખ ૨૨ માર્ચે નવો સંદેશો પ્રાપ્ત થાય છે. 'શતાબ્દી' પર્વે એક માસ 'હરિના નામે'ના કાર્યક્રમમાં ઉત્તરકાશી જઈ રહ્યા છો તો આનંદ છે. સાધના માટે જ જવાનું છે. ત્યાં રહેવાનું છે.

પર્વમાં જતાં પહેલાં 'શ્રી મા'ના આશીર્વાદ લેવાની મનઅંતરે પ્રેરણા થાય છે. આપણા સૌ સાધકો માટે 'સ્વર્ગારોહણ' એક મહાતીર્થ છે-શક્તિપીઠ છે. ત્યાં આપણી રાહ જોઈ ઊભેલાં આપણા ગુરુભગવંત પૂજ્ય શ્રી યોગેશ્વરજી સદા સૌને સત્કારવા તત્પર જ હોય છે. ત્યાં ઝૂકવાથી સાધકોના સાત્ત્વિક સર્વ સંકલ્પો ફળે છે. 'શ્રી મા' સર્વેશ્વરી પ્રેમની મહાદેવી આપણું પહાડ જેવું કાર્ય હોય તો તેને પણ રાઈના દાણા જેવું કરી આપણી પાસે પાર કરાવી દે અને આપણો બધો



ભાર પોતે વહન કરી આપણને કોઈ જાતની મુશ્કેલી પડવા જ ન દે !

'સ્વર્ગારોહણ' તીર્થમાં 'પૂજ્ય શ્રી'નાં ચરણે પ્રણામ કરી, કલ્પવૃક્ષ સમી કુટિયામાં પંચદેવને પ્રણામ કર્યા.

દેવભૂમિ હિમાલયમાં જે ધરતી ઉપર પૂજ્ય શ્રી પ્રભુનું સાધનાક્ષેત્ર રહ્યું છે. તે પવિત્ર ભૂમિના દૈવી પરમાણુંનો પૂરો લાભ લેવા ઉત્તરકાશીના સ્થાનમાં અમે સૌ સાંજે પહોંચીએ છીએ. મને થયું 'સાધના સત્કર્મ' પર્વ માટે નામ તો નોંધાવ્યું છે. 'શ્રી મા' એ એક મહિનાના યોગી બનવા માટે મોકલ્યા છે. પણ યોગી બનવાનું કામ એ કાંઈ રમત વાત નથી ખૂબ કઠિન કામ છે. કારણ આપણે એ દિશામાં કોઈ ખાસ પ્રયત્ન જ નથી કર્યો. સાચું કહું તો મારા જીવનમાં પણ આ રીતની સાધનાનો પ્રથમ જ પ્રયત્ન છે. કે જેમાં સાધના માટે આટલા બધા દિવસ સંસારની માયાજાળ છોડી ઉત્તરકાશી શ્રી ગંગાજી અંકે આમ પલાંઠી વાળી બેસી શકીશ..?? હા, એટલું અઘરું પણ નથી 'શ્રી મા-પ્રભુજી'નો વરદ હસ્ત જો આપણા શિરે હોય તો કશું જ અશક્ય નથી.

ઉત્તરકાશીની હૉટલ 'લીલા પેલેસ' સ્થાનમાં જ્યારે અમે ઉતર્યા ત્યારે ત્યાંના વાતાવરણમાં ઠંડી અસહ્ય હતી. રાત્રે ૮.૦૦ વાગ્યે તો રજાઈ ઓઢીને સૂઈ જ જવાનું મન થાય. અમને જે રૂમ મળી ત્યાંથી સતત શ્રી ગંગાજીનું દર્શન-નાદ શ્રવણ થતું હતું. અહીં હિમાલયના સુસવાટા ભરેલા ઠંડા પવનો પણ શરીરને ઝંકૃત કરી રહ્યા હતા. આજે મુસાફરીનો હલકો ભાર જાણે આ શરીરને સ્પર્શ્યો હતો. તા.૨૭ માર્ચ થી ત્રણ દિવસ સળંગ દૂધ ફળ પર રહ્યો હતો. પણ એ ઉપવાસ જાણે 'શ્રી મા'

પ્રભુના કૃપા અનુગ્રહને લીધે સહજ રીતે પૂરા કરી શક્યા.

પહેલી માર્ચના સવારથી બધો નિત્યક્રમ શરુ કરાયો હતો. શ્રી ગંગાજીના કિનારે સાધકો સુમગતાથી બેસી શકે અને નિશ્ચિંત થઈ સાધના કરી શકે તે હેતુથી બે ટૅન્ટ બાંધ્યા હતા. શ્રી ગંગાજીનો કિનારો પથ્થરોથી ભરપૂર હતો. તેનો પટ તો વિશાળ હતો પરંતુ પ્રવાહ ઘણો સાંકડો હતો. અહીં એકદમ નિર્મળ ગંગાજી વહેતાં હતાં. અંદરના પથ્થરો પણ નરી આંખે જોઈ શકાતા હતાં. જળ ધાર્યા કરતાં પણ વધુ શીતળ હતું, આપણે આંગળી અંદર ડુબાડીએ તો જાણે થીજી જ જાય.

આયોજકોની સૂચના અનુસાર 'વિશ્વનાથજી મહાદેવ'ના મંદિરે પહોંચી જઈએ છીએ. ત્યાં ઘણી મોટી લાઈન દર્શન માટે ભક્તોની લાગેલી હતી લગભગ ૨ કે ૩ કલાક સુધી નંબર લાગે તેવા કોઈ ચિહ્ન દેખાયા નહીં એટલે અમે વિચાર્યું કે આપણે પાછા આપણા 'લીલા પેલેસ' પર જઈ સાધના કરીશું. પણ ત્યાં એક સાધકનો ફોન આવે છે. અને એ અમને માર્ગદર્શન આપે છે એ પ્રમાણે અમે છેક મંદિરમાં પહોંચી જઈએ છીએ. આજે શિવરાત્રી હતી તો વિશ્વનાથજી મહાદેવને જળ અર્પણ કરવાનું વિચાર્યું પણ ક્યાંય આશા દેખાઈ નહીં અને અમે મંદિરના ગર્ભગૃહમાં પ્રવેશ કરીએ છીએ અને દર્શન પામી ધન્ય બનીએ છીએ. થોડા ભક્તો આપણા મંદિરના પરિસરમાં 'શ્રી મા' એ જે શિવપૂજા આઠે પ્રહરની બતાવી છે. તે પ્રમાણેની કરતાં હતાં હજુ અમને જળ ચઢાવવાની ઈચ્છા હતી એટલે આમતેમ નજર દોડાવી એ છીએ કે એક ભાઈના હાથમાં લોટો જોઉં છું એટલે હું એમને પાસે લોટાની માંગણી કરું છું. તો એ ભાઈ કહે કે પાણી નથી. મે કહ્યું તમે લોટો આપો પાણી પ્રભુ આપશે. એ ભાઈ



હસતા મોઢે લોટો આપે છે. ત્યાર બાદ એક બીજા ભાઈના હાથમાં પાણી ભરેલો ઘડો જોવું છું તે ભાઈને કહું છું કે આ લોટામાં થોડું પાણી આપશો ? એ ભાઈ પ્રેમથી લોટો ભરી આપે છે. આ રીતે અમારી જળાભિષેક કરવાની ભાવના પૂર્ણ થઈ. હું મનોમન પૂજ્ય શ્રી 'મા'ને આભારવશ પ્રણામ કરું છું. 'શ્રી પ્રભુજી' પણ શિવ જ છે ને ! જે એક સાધકની સાત્ત્વિક ઈચ્છા કેવી પળમાં પૂર્ણ કરે છે ! તેની વિશ્વનાથજી મહાદેવના સ્થાનમાં દ્રઢ અનુભૂતિ થઈ હવે અમે શ્રદ્ધાથી છલોછલ ભરાઈ બધા સાધકો સાથે શિવપૂજામાં મશગૂલ બની જઈએ છીએ. 'પૂજ્ય શ્રી પ્રભુજી' જે વૃક્ષ નીચે બેઠા હતા તે વૃક્ષનાં દર્શન કરી વંદન કરીએ છીએ. અમને પેઠાનો પ્રસાદ પ્રાપ્ત થાય છે. અમે જ્યારે દર્શન કરી બહાર નીકળીએ છીએ ત્યારે શિવજીની શોભાયાત્રા નીકળેલી જોવા મળે છે આખા નગરમાં શિવજીની સવારી નીકળે છે. જેમાં ઘણાંએ વિવિધ દેવી-દેવતાની વેશભૂષા ધારણ કરી, તો કેટલાંક શરીર પર ભસ્મ ધારણ કરી નૃત્ય કરી રહ્યા છે. ભક્તોનાં ટોળાં શોભાયાત્રાની પાછળ પાછળ જાય છે. હું અને અજયભાઈ પણ શિવજીની શોભાયાત્રામાં ઘુસ મારી અને થોડીવાર એ લોકોની જેમ નૃત્ય કરીએ છીએ. પછી લીલાપેલેસ પાછા આવી જઈએ છીએ.

આજે ઉત્તરકાશીનું સ્થાન ધ્યાનથી જોઈએ છીએ તો આ સ્થાન કેટલું સુંદર, રમણીય, અદ્‌ભુત, ભવ્ય લાગે છે. અને હૃદયથી 'શ્રી મા'નો આભાર વ્યક્ત થઈ જાય છે. સાધના માટે સૌ એ સો ટકા સોના જેવું આ સ્થાન છે. અહીં ચારે બાજુ બર્ફિલા પર્વતોની હારમાળાનું મનોરમ્ય દર્શન થાય છે ને બીજી બાજુ શ્રી ગંગાજીનો અસ્ખલિત પ્રવાહ મધુર નાદ સાથે

ગતિશીલ છે. આસપાસની પ્રકૃતિનું મધુરતમ દર્શન મનને આકર્ષે છે. જાણે સાધના કરવા સૌને સાદ કરતો હોય તેમ અનુભવાતું.

બીજી માર્ચથી સવારે ૮ વાગ્યાની અને સાંજે ૭.૩૦ વાગ્યાની સવા-સવા કલાકની નિત્ય પ્રાર્થનાનો પ્રારંભ થાય છે. એ સિવાય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦ મૌન રાખવાનું છે. (જરૂરી વાતો હોય ત્યારે બને એટલો પ્રયત્ન કરીએ છીએ ધીમા અવાજે વાત કરવાનો) અને પોતે જ પોતાના ચોકીદાર બનીને પોતાના નિયમો જાતે સૌને બનાવવાના છે. અને તે જાતે જ પૂર્ણ કરવાના છે.

સાધનાપર્વની પ્રથમ રાત્રિએ ૧.૪૫ થી ૨.૧૫ સુધી 'શ્રી મા' વિશેષ સંદેશ માટે ફોન કરે છે. પણ અમારો મોબાઈલ શાંત મુદ્રામાં હતો તેથી અમને ખબર જ ના પડી કે 'શ્રી મા' અમને ફોન કરતાં હતાં પણ આપણે એટલા બધા સંસારમાં ખોવાઈ ગયા છીએ. કે દિવ્ય લોકમાંથી દિવ્ય સંદેશો પ્રાપ્ત થવાનો હતો પણ જાણે અમારા સૌની ચેતના સુષુપ્ત !! અમે તો નિરાંતે સૂતા હતા. (સવારે જ્યારે ૫.૦૦ વાગ્યે મોબાઈલ) જોયો ત્યારે બેહદ અફસોસ થયો જાત પર ગુસ્સો આવ્યો, કે આટલી બધી ઊંઘ હોતી હશે ? કે 'શ્રી મા'નો ફોન આવ્યો ને અમને ખબર પણ ના પડી ? મનોમન આ શરીર પર ગુસ્સો આવ્યો, ઘૃણા થઈ અને આંખમાંથી અશ્રુ ટપકી ગયાં. પછી તરત જ 'શ્રી મા'ને માફીનામું મોબાઈલ પર મોકલી આપ્યું, 'શ્રી મા'એ વાંચ્યું કે નહીં એ તો ખબર નથી પણ મેં મારી ફરજ પૂરી કરી દીધી હોય એવું ત્યારે મને લાગ્યું ત્યાર બાદ 'શ્રી મા'નો એકપણ ફોન આવતો નથી. (ત્યારે મનોમન વિચાર્યું કે આ શરીર માટે આ જ



સજા હોવી જોઈએ, શા માટે શરીરને ચેતનવંતુ ના રાખ્યું ?) એટલે મને થયું કે આપણે તો આ પરીક્ષામાં નાપાસ જ છીએ. યોગી બનવા મોકલ્યા હતા કે આરામ કરવા ? અમારાથી અમારા પર જ નારાજ થઈ જવાયું.

સારાં સ્થાનો, સારાં પુસ્તકો, સારા સાધકો જો જીવનમાં વણાઈ જાય તો સાધના-સત્સંગ પર્વ સંજીવની જડીબુટ્ટી જેવા બની રહેશે. આ લીલા પેલેસ પણ તેવું જ ઉત્તમ સ્થાન છે. તેમજ અહીં સંચાલકો દ્વારા એક નાની લાઈબ્રેરી પણ ઊભી કરી છે. અને એક 'પ્રામાણિક' સ્ટોર પણ ઊભો કરેલો છે. જેને જેને સત્કર્મ કરવા જેવું હોય તો 'બાબા કાલીકમલી' અને 'પંજાબી ક્ષેત્રે' પણ સાધકોને આયોજકો દ્વારા લઈ જવામાં આવે છે. જેથી આ સ્થાનમાં આવી, થોડા ઉદાર પણ થઈ શકીએ. પૂજ્ય શ્રી પ્રભુ આ ક્ષેત્રમાંથી ભોજન સ્વીકારતા તો આપણા સૌની પણ પવિત્ર ફરજ હતી કે આપણે એ કાલીકમલીવાલાક્ષેત્રે આપણો સહયોગ ધરીએ. અને એ ઋણ અદા કરવાનો નાનો સરખો પ્રયત્ન સૌ સાધકો કરીએ છીએ.

આયોજકોએ સૌ સાધકો માટે એક સાધના પત્રક બનાવીને આપેલું જેથી સૌ સાધકો પોતાની સાધનાની નોંધ એમાં પ્રામાણિક પણે લખી શકે તેનો નમૂનો નીચે પ્રમાણે છે. અને મેં મારું સાધનાનું પત્રક નીચે મુજબ બનાવી સાધના કરવાનો પ્રયત્ન કર્યો હતો.

| ૐ યોગેશ્વરાય નમઃ | | | | | | ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ | | |
|---|---|---|---|---|---|---|---|---|
| મહિનો માર્ચ—૨૦૨૨ | | | | | | પાઠ પારાયણ | | |
| તા | પ્રણામ | મૌન | માળા/જપ | ધ્યાન | પ્રાર્થના | શિવ મહિમ્ન | ગોદવેલકરજી | વિશ્વનાથજી દર્શન |
| ૧ | ૭૫૧ | ૮ થી ૮ | ૧૦૮૦૦ | | | ઉપર મુજબ | સુહાયે મસ્તકે | |
| ૨ | ૬૫૧ | ૮ થી ૮ | ૧૦૮૦૦ | ૧ કલાક | ૧.૫ | ઉપર મુજબ | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૫૮૫ | ૮ થી ૮ | ૧૦૮૦૦ | ૧ કલાક | ૧ કલાક | ઉપર મુજબ | |
| ૪ | ૮૦૧ | ૮ થી ૮ | ૧૧૮૦૦ | ૧ કલાક | ૨ કલાક | ઉપર મુજબ | |
| ૫ | ૧૦૦૧ | ૮ થી ૮ | ૧૩૦૦૦ | ૧ કલાક | ૨ કલાક | ઉપર મુજબ | પ્રેમસંગીત |
| ૬ | ૧૦૦૧ | ૮ થી ૮ | ૧૩૦૦૦ | ૧ કલાક | ૨ કલાક | ઉપર મુજબ | ગુરુલીલામૃત પૂજ્ય શ્રી |
| | | | | | | | અમૃતવાણી<br>સાધના<br>સદ્ગ્રંથ વાંચન |
| ૭ | ૧૫૧ | ૮ થી ૮ | ૨૦૦૦૦ | | મસુરીમાં સરસ્વતી શિશુ મંદિર સત્કર્મ<br>કંબલ, ચીકી, બિસ્કિટ, કેડબરી | | |
| ૮ | ૧૦૪૧ | ૮ થી ૮ | ૧૧૮૮૦ | ૧ કલાક | ૧.૫ | | |
| ૯ | ૧૦૦૧ | ૮ થી ૮ | ૧૨૯૬૦ | ૧ કલાક | ૧ કલાક | શ્રી ગીતાજી પારાયણ | પદયાત્રા |
| ૧૦ | ૧૨૦૧ | ૮ થી ૮ | ૧૩૦૦૦ | ૧ કલાક | ૨ કલાક | વરદ હસ્ત—૧૦૦ વાર | પદયાત્રા |
| ૧૧ | ૧૨૦૧ | ૮ થી ૮ | ૧૦૮૦૦ | ૧ કલાક | ૨ કલાક | પૂજ્ય શ્રી પ્રભુ સ્તુતિ | ૧૦૦ વાર<br>પદયાત્રા |
| ૧૨ | ૧૩૦૮ | ૮ થી ૮ | ૧૩૦૦૦ | ૧ કલાક | ૨ કલાક | પૂજ્ય શ્રી મા સ્તુતિ ૧૦૦ વાર | |
| | | | | | | | પદયાત્રા |
| ૧૩ | ૧૪૦૮ | ૮ થી ૮ | ૧૬૫૦૦ | ૧ કલાક | ૨ કલાક | શ્રી જગદંબા સ્તુતિ ૧૦૦ વાર પદયાત્રા | |
| ૧૪ | ૯૧૬ | ૮ થી ૮ | ૧૬૬૪૯ | ૧ કલાક | ૨ કલાક | એવી બુદ્ધિ દો અમને ૧૦૦ વાર | ૧૨ કીમી પદયાત્રા નિર્જળા |
| ૧૫ | ૧૪૨૭ | ૮ થી ૮ | ૧૬૮૦૦ | ૧ કલાક | ૨ કલાક | અમોને જ્ઞાન દેનારા ૧૦૦ વાર પદયાત્રા | |
| ૧૬ | ૧૫૧૬ | ૮ થી ૮ | ૧૭૦૦૦ | ૧ કલાક | ૨ કલાક | સાધના સદ્ગ્રંથ | ગોદવેલકરજી |
| ૧૭ | ૧૨૨૬ | ૮ થી ૮ | ૧૯૮૦૦ | ૧ કલાક | ૨ કલાક | સાધના સદ્ગ્રંથ | ગોદવેલકરજી |
| ૧૮ | ૯૨૫ | ૮ થી ૮ | ૧૩૫૬૦ | ૧ કલાક | ૨ કલાક | શ્રી ગુરુ લીલામૃત | નિર્જળા/દૂધ ફ્રૂટ |
| ૧૯ | ૨૨૦૧ | ૮ થી ૮ | ૧૮૭૫૬ | ૧ કલાક | ૨ કલાક | ગોદવેલકરજી | પદયાત્રા |
| ૨૦ | ૧૦૧ | ૮ થી ૮ | ૪૨૦૦૦ | | | સવારે ૬.૪૫ વાગ્યે ઉત્તરકાશીથી વિદાય | |
| | ૨૦૪૦૦ | | ૨૮૦૫૮૫<br>૨૫૯૮માળા | | | | |



આમ તો ઉપર પ્રમાણે આપેલી તારીખ પ્રમાણે અમારી વ્યક્તિગત સાધના થઈ શકી છે. તા.૧૮ માર્ચના રોજ કુલ ૧૮૦૦૦ પ્રણામ પૂર્ણ થાય છે. તે ઉપરાંત રોજ બપોરે શ્રી ગંગાજી અંકે સ્નાનની મોજ માણતાં. અહીં ગંગાજી કિનારે એક સરસ શિલા હતી તે શિલા ઉપર ૧૦૮ કે ૨૦૮ દંડવત પ્રણામનો અર્ઘ્ય અર્પણ કરતાં ત્યારે મન અંતરે એવો ભાવ થતો કે 'શ્રી મા' જ શ્રી ગંગાજીનું સ્વરૂપ ધારણ કરી પ્રણામ સ્વીકારતાં અને આશીર્વાદ ધરતાં હતાં. અને મન સહજ શાંત, નિર્મળ બની વિચારશૂન્ય થઈ જતું.

આ સ્થાનમાં એક જ કામ હતું અને તે હતી સાધના..સાધના..સાધના. 'શ્રી મા'ની કરુણા અને કૃપાને લીધે જ સાધના શક્ય બની હતી. 'સ્વર્ગારોહણ'ની જેમ નિત્ય પ્રાર્થના થતી. લગભગ સવારે ૫ થી ૫.૩૦ વચ્ચે ઊઠવાનું શક્ય બનતું અને ત્યાર બાદ નિત્યકર્મમાંથી પરવારી અને પ્રણામ માટે સત્સંગ હૉલમાં પહોંચી જતા અને લગભગ ૬.૧૫ની આસપાસ પ્રણામ શરુ થતાં તે લગભગ ૮.૦૦ વાગ્યાની બેઠક સુધી ચાલતા હતા અને ત્યાર બાદ વંદના પછી પાછા લગભગ ૧૦.૦૦ વાગ્યા સુધી પ્રણામની મસ્તી માણતાં હતાં આ વખતે એક પ્રયોગ કર્યો કે દર પ્રણામે યાદ કરી એક પ્રાર્થના કરવાનો નિયમ કર્યો હતો જેમાં એક પ્રણામ એક પ્રાર્થના હતી. (મારી થોડીક નમૂનાની પ્રાર્થના) હે 'શ્રી મા' સાધના માટે આશિષ આપો, આપની લીલા સમજવાની શક્તિ આપો, આપની ભક્તિ સમજવાની ભાવના આપો, આપના જેવો પવિત્ર બનાવો, આપના જેવો કરુણામય બનાવો, આપના જેવો પ્રભુનો પ્રેમી બનાવો, આપના જેવો દિવ્ય બનાવો, આપના જેવો ઉદાર બનાવો, આપે અર્જુનને યુદ્ધમાં જેવું દિવ્ય સ્વરૂપ બતાવ્યું હતું તે સ્વરૂપ મને પણ બતાવો, મને દિવ્ય દ્રષ્ટિ આપો, આપ

મારા જીવન રથના સારથિ બનો, આપના જેવો વિવેકી-નિર્ભય બનાવો, નિર્ભ્રાંત બનાવો, ગુણવાન બનાવો, આપનો આદર્શ ભક્ત બનાવો, સંસારમાં સૌને સુખી કરો, અને આ સ્થાનમાં જ પ્રગટ થઈ આપના જગદંબા સ્વરૂપનાં દર્શન આપો, પૂજ્ય શ્રી પ્રભુના દિવ્ય દર્શન આપમાં જ થાય, હે 'શ્રી મા' દયા કરો, હે 'શ્રી મા' ૧૦૦૧ જન્મોના લક્ષકોટિ સાધનાનાં આશીર્વાદ આપો, હે 'શ્રી મા' ૧૦૦૧ જન્મોના લક્ષકોટિ અપરાધો ક્ષમા કરો, આ રીતે 'શ્રી મા'ને પ્રણામ કરતાં કરતાં એક પ્રણામ એક પ્રાર્થના કરવાનો પ્રામાણિકપણે પ્રયત્ન કરતો હતો. કોઈક્વાર મન ફરવા જતું તો પ્રાર્થના વિસરાઈ જતી અને યંત્રવત પ્રણામ પણ થતા પણ પૂજ્યશ્રી'મા'ને પ્રાર્થના કરી કહેતો આપ આ પ્રણામનો સ્વીકાર કરજો, અમે તો ઝૂકવાનો પ્રયત્ન કરીએ છીએ એ ઝૂક્વા પાછળ જે ગુણ વિકસિત થતા હોય તે બધા વિકસિત કરજો, આવી પ્રાર્થના થતી રહેતી હતી કદાચ એ જ 'શ્રી મા'ની કૃપા છે, આપણા જીવન પર આપણી શું લાયકાત કે યોગી બનીએ ? આ તો 'શ્રી મા' એ એક પ્રયોગ કરવા માટે આપણા સૌ સાધકોને તૈયાર કર્યા અને તપાસી લીધું હશે કે કોણ પ્રભુપંથે આગળ વધવા સમયનો ભોગ આપી શકે એમ છે ? સંસારનો ત્યાગ કરી શકે છે ? સંસારની મોહમાયાને ભૂલી શકે છે ? કારણ આ દુનિયાનો નિયમ જ છે. કે કંઈ પામવા માટે કંઈ છોડવું પડે. સંસારની મોહ-માયા ત્યાગી વનમાં જવું પડે. લોહીનાં પાણી કરવા પડે, કેટલાંય જન્મોની સાધના કરવી પડે ત્યારે કોઈક જન્મે અનુભૂતિનો પ્રસાદ પ્રાપ્ત થાય. આ કાંઈ પતાસું નથી કે મોઢું ખોલો ને પતાસું અંદર આવી જાય ! 'શ્રી મા' આપણી વચ્ચે બિરાજમાન રહીને પોતાની સાધનાના નવા નવા સોપાન સર કરે છે. અરે આપણાં કામો પણ કરતાં રહે છે. એ પણ માનવદેહધારી છે. માનવદેહની મર્યાદાને અવગણી ને સાધનાના સર્વોચ્ચ શિખર પર બિરાજમાન છે.



તો આ સાધનાસ્થળમાં સત્સંગનું સુખ પામી આ જીવનનો ઉદ્ધાર કરવાનો છે. જ્યારે પૂજ્ય શ્રી'મા'નો પ્રથમ પત્રપ્રસાદ પ્રાપ્ત થયો તેમાં પહેલી જ લાઈન આ શબ્દોથી શણગારી હતી કે ઉત્તરકાશીમાં સાધનાપર્વમાં પધારેલા સૌ સ્વજનોનું સ્વાગત છે. આ સ્વાગત શબ્દો કોણ વાપરી શકે જેના સ્થાનમાં જે બિરાજમાન હોય તે જ વાપરી શકે ! કારણ પૂજ્ય શ્રી'મા' ઉત્તરકાશીના એ સ્થાનમાં બિરાજમાન જ છે એટલે તો આપણા સૌનું ત્યાં સ્વાગત કરે છે. એ દૈવી વાણી છે. આપણે મર્મ ઝીલવાનો છે. ઉત્તરકાશીમાં આપણે જે કાંઈ સાધના કરી શક્યા છીએ તે સાધના ફક્ત અને ફક્ત પૂજ્ય શ્રી'મા'ને લીધે જ કરી શક્યા છીએ.

હું જ્યારે શ્રી ગંગાજીમાં કોઈ શિલા પર જપ, ધ્યાન કે પાઠ કરવા શ્રી ગંગાજી અંકે સ્નાન કરી બેસતો ત્યારે એક જ વિચાર આવતો આટલા ઠંડા શ્રી ગંગાજીના પ્રવાહમાં આ તનને ગરમ કોણ રાખે છે ? કોણ હિંમત આપે છે ? કોણ મન શાંત કરે છે ? કોણ આ મનઅંતરે રાજ કરે છે ? કોણ પ્રણામ કરાવી લે છે. અને સ્વીકારી લે છે ? ત્યારે આંખો સમક્ષ એક જ સ્વરૂપનાં દર્શન થાય છે. એ છે. 'પૂજ્ય શ્રી'મા' સર્વેશ્વરી.'

આયોજકોએ બહુ સરસ રીતે સંચાલનનો ભાર સ્થૂળ રીતે સંભાળ્યો લાગે બાકી સૂક્ષ્મ રીતે બધુ આયોજન પૂજ્ય શ્રી'મા'નું જ છે. હૉટલવાળા મુકેશભાઈ અનુકૂળ છે. બધી જ રીતે સેવા આપવા તત્પર છે. પૂજ્ય શ્રી'મા'ની જ કૃપા છે. કે કોઈ બહારના મુસાફરો આવતાં જ નથી. કે જેથી અમારી શાંતિને ખલેલ પહોંચે. ક્યાંય કોઈ જ રોકટોક નથી. ચોરીનો પણ ભય નથી. રૂમ ખુલ્લા મૂકીને જાવ તો પણ ચિંતા નહિ આયોજકોએ બધી સગવડનો ખ્યાલ રાખવાની કોશિશ કરી છે. રસોડામાં પણ ભોજન 'સ્વર્ગારોહણ'ના

નિયમ પ્રમાણે જ ચાલે છે. અને એકદમ સાત્ત્વિક આહાર પામીએ છીએ. તેમજ 'પ્રામાણિક' સ્ટોરમાંથી બધી જ વસ્તુઓ પ્રાપ્ત થતી એટલે કોઈને બહાર જવાની જરૂર જ ના રહે ! અને રૂપિયા ના હોય તો પણ વસ્તુ મળતી પ્રામાણિકપણે એ બોક્ષમાં જે વસ્તુ લીધી હોય તેના તેટલા રૂપિયા મૂકી દેવાના.

પણ એક વાતનો અફસોસ મનને કોરી ખાતો હતો કે ૧૮ માર્ચના કાર્યક્રમમાં હાજર રહી ના શક્યા અને ભવિષ્યમાં જો આવાં પર્વના આયોજન કરવામાં આવે તો એ યાદ રાખીએ કે ૧૮ માર્ચ તો 'સ્વર્ગારોહણ'માં જ ઉજવવી. એની આગળ કે પાછળની તારીખો છોડીને જ કાર્યક્રમનું આયોજન વિચારવાનું. શ્રી'મા'એ કામચલાઉ મહાત્મા કહ્યા હતા. કારણ એક મહિના માટે પૂજ્યશ્રી'મા' એ સૌ સાધકોને વિશિષ્ટ શક્તિ પ્રદાન કરેલી હતી. એટલે કે સરકારી ભાષામાં કામચલાઉ મહાત્માનો ચાર્જ સોંપેલ હતો જેથી એ મહાત્મા જેવી બધી સાધના કરી શકાય ! પણ કોણ કરી શકે ? જે એ માટે પ્રયત્નશીલ હોય તો તેને જ ગતિ મળે, તો આ પણ એક અદ્ભુત અનુભૂતિ પૂજ્યશ્રી'મા'એ ઉત્તરકાશીમાં કરાવી.

પૂજ્યશ્રી'મા'–પ્રભુ અને આયોજકોમાં સામેલ હોય તે સર્વે સાધકોનો, અન્નક્ષેત્રે જેણે જેણે સહયોગ ધર્યો તે સૌનો પણ ખૂબ ખૂબ આભાર અમે સાધનાપર્વ દરમ્યાન જો કોઈ સાધકોને અમારા વાણી, વર્તન, વ્યવહાર દ્વારા જાણે અજાણે કોઈ દુઃખ પહોંચાડ્યું હોય કે સાધનામાં વિક્ષેપ કર્યો હોય તો ક્ષમા કરજો. સૌને જય કૃપાળુ મા.

**–શ્રી અશ્વિન કાકા**



# ॥ અલૌકિક આંતરસંગીતનો અનુભવ ॥

'ઉત્તરકાશીની યાત્રા'ના અમારા તા.૧૯ થી ૩૦ માર્ચના એ દિવસો અમારા માટે ખૂબ અલૌકિક રહ્યા. ભાગીરથીનો તટ અને હિમાલયના પ્રાકૃતિક સૌંદર્યની સાથે સાધના કરવાનો લહાવો અમને પ્રથમવાર મળ્યો છે; જે અમારા જીવનમાં યાદગાર બની રહ્યો. દિવસ દરમિયાનના નિયમો અને 'અધ્યાત્મનો અનસ્ત સૂર્ય' તથા દરરોજ 'શ્રી યોગેશ્વર લીલામૃત'નું પારાયણ એ શાંત વાતાવરણમાં ખૂબ જ સારી રીતે પૂર્ણ કરી શક્યા. ભાગીરથીના તટે અમને એક અલૌકિક અનુભવ મળ્યો એ કે અમે ત્યાંના શાંત વાતાવરણમાં બેસીને 'વરદ હસ્ત'ની પ્રાર્થના કરતાં હતાં ત્યારે મને એ અનુભવ થયો કે હું જે પ્રાર્થનાની પંક્તિ મનમાં બોલું કે તરત જ એ પ્રાર્થનાના શબ્દો અમારા કાનમાં મને સંભળાવા લાગ્યા ! મેં આંખ ઊઘાડી જોયું તો આજુબાજુ કોઈ નહોતું. જાણે કોઈ અલૌકિક સંગીત સાથે પ્રાર્થના ગવાતી હતી. તેથી મેં મારી પ્રાર્થના બોલવાની બંધ કરી; તો પણ મને પ્રાર્થના તો સંભળાતી જ રહી ! બીજે દિવસે હું અને મારા પત્ની ભાગીરથીતટે સાથે ધ્યાનમાં બેઠાં હતાં ત્યારે પણ અમને બંનેને સાથે જ સંગીત સાથે પ્રાર્થના સંભળાવા લાગી ! યાત્રા દરમિયાન અમને સત્કર્મ કરવાનો પણ લહાવો મળ્યો એ બદલે 'મા'–પ્રભુનો ખૂબ ખૂબ આભાર. આવી યાત્રા અને આવી સાધનાનો લહાવો અમને હંમેશાં મળતો રહે એવી 'મા'–પ્રભુને પ્રાર્થના. 'મા'–પ્રભુનાં ચરણોમાં સમગ્ર દીપકપરિવારના કોટિ કોટિ પ્રણામ.

**–શ્રી દીપક ટેલર**

# ॥ મુજ અશક્તની શક્તિ બન્યાં પૂ.શ્રી'મા' ॥

પરમ પૂજ્ય શ્રી'મા' પ્રભુની કૃપાથી ઉત્તરકાશી યાત્રાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું અને સાધના સત્કર્મનો લાભ લેવાનું શક્ય થયું. આ પર્વ અમારા માટે અદ્ભુત અને અવિસ્મરણીય રહ્યું. વિચાર્યું ન હતું કે અમે જીવનમાં હિમાલયનું પણ દર્શન કરીશું. આપણા પૂજ્ય પ્રભુની તપશ્ચર્યાભૂમિ જ્યાં ચારે દિશાઓમાં હિમાલયના વિશાળ પર્વતો વચ્ચેથી 'મા' ગંગાજીનાં અવિરત વહેતા પ્રવાહનું દર્શન ખૂબ જ અદ્ભુત અને મન ને શાંતિ આપે એવું છે.

શિવરાત્રિના પાવન દિવસે ઉત્તરકાશીના કાશીવિશ્વનાથ મંદિરનાં દર્શન કરી, મંદિરના પ્રાંગણમાં બેસીને સાધકો સાથે 'શિવમહિમ્નસ્તોત્ર'નો પાઠ કરવાનો લાભ મળ્યો.

સત્કર્મ...સત્કર્મ એટલે શું ? સત્કર્મ કોને કહેવાય એ અમે પૂજ્ય 'મા'ની કૃપાથી ઉત્તરકાશીના બાબા કાલીકમલી આશ્રમ અને પંજાબ સિંધ ક્ષેત્રમાં શીખ્યા. પંજાબ સિંધ ક્ષેત્રની બાજુમાં શ્રી શ્રી મા આનંદમયી કાલી ઘાટ અને શ્રી જડ ભરત મંદિર-સમાધિનાં પણ દર્શન કર્યાં.

પૂજ્ય શ્રી'મા'ની કૃપાથી મનેરીના દિવ્ય પ્રદેશમાં શ્રી રાજીવભાઈ, શ્રી આશિષભાઈ, શ્રી અજયભાઈ અને શ્રી હેમીશભાઈ સાધના માટે સરસ જગ્યાએ હૉટેલ શોધી ને સતત ગંગામૈયાનું સાન્નિધ્ય પણ ધર્યું. આવનારાં સાધક ભાઈ બહેનોને ગંગાજીના તટ પર સાધના કરવાનો લહાવો મળ્યો તેઓ ખૂબ ખૂબ અભિનંદનના પાત્ર છે. બધા સાથીઓનો ફરી વાર ખૂબ ખૂબ આભાર.

મારા સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખી એવો વિચાર આવ્યો કે બીજા સાધકોની જેમ નીચે તટ પર મારાથી ઊતરી શકાશે ? મારાથી સાધના થશે..? ૐ 'મા' ૐ 'મા' જપ કરતાં કરતાં પત્થરો પરથી ઉતરીને તટ પર ક્યારે પહોંચી એ પણ યાદ ના રહ્યું એવી પૂજ્ય શ્રી'મા'ની કૃપા થઈ મારા પર !

Thank you so much Maa.

અમારી પહેલી યાત્રા સાધનામય રાખી પૂર્ણ કરાવી.

—શ્રી જ્યોતિ ચતૂરાની



# ॥ સ્વર્ગારોહણમાં અનેરો ઉત્સવ ॥

॥ પૂ.શ્રી'મા'નો સહજ સત્સંગ ॥

'સ્વર્ગારોહણ' તીર્થમાં આજે અનેરો ઉત્સવ છે. અહીં તો નરસિંહ મહેતાએ ગાયું. તેમ નિત ઓચ્છવ જ હોય છે. જ્યાં 'મા' જગદંબા વિરાજતાં હોય ત્યાં ઉત્સવ જ હોયને ! પણ આજે જાણે અનોખો દર્શનોત્સવ છે.

સવારે પ્રણામપૂજા અને ભક્તિવંદનામાં શ્રી શ્રી'મા'નું દર્શન જાણે નયનપ્રક્ષાલનનું ટાણું છે. પ્રેમની અમીવર્ષાને ઝીલવાનો અપૂર્વ અવસર છે. હળવા વ્યાયામમાં શ્રી વિગ્રહની આરોગ્યયાત્રા છે. સાથે સાથે સહુ માટે જાગૃતિનો સંદેશ છે. શરીર એ પરમાત્માને પામવાનું સાધન છે, તેની ઉપેક્ષા ના ચાલે. નાના નાના પ્રત્યેક અંગના વ્યાયામથી અનેક મોટા ફાયદા છે, એવો ગુપ્ત સંદેશ પણ છે.

આજે ગુડી પડવો છે. ચૈત્ર નવરાત્રિનો પ્રથમ દિવસ છે. સહુના મનઅંતરે દર્શન સત્સંગ પામવાનો અદમ્ય ઉત્સાહ છે. સવારે મંગળાનાં દર્શન પછી જાણે એક Bonus દર્શન છે. આપણા સહુના વડીલ એવા પૂ.સુશીલામાસીની બે અઢી વર્ષ પછી 'સ્વર્ગારોહણ' તીર્થયાત્રા અને નિવાસ પછીની વિદાય છે. પૂ.માસી નીચે યોગતીર્થ પાસે પહોંચે છે ત્યારે શ્રી શ્રી'મા' પૂ.માસીને પ્રણામ કરી પુષ્પોથી વધાવે છે. ખૂબ સહજ રીતે જીવનમાં દરેક ક્ષેત્રમાં આદર્શ અને સર્વોત્તમ પૂ.શ્રૂ'મા'ના વ્યવહારનું દર્શન થાય છે. પૂ.'મા'નો વડીલ પ્રત્યેનો આદરભાવ. સ્વજનો પ્રત્યેનો ઉષ્માભર્યો છતાં અનાસક્ત અને તટસ્થ વ્યવહાર સ્થિતપ્રજ્ઞતાનાં દર્શન કરાવે છે. ખૂબ પ્રેમ છે લાગણી છે છતાં સાક્ષીભાવ અને દાદ માગી લે તેવી તટસ્થતા છે પૂ.માસી પણ 'મા'ને પ્રણામ કરે છે. વડીલપણું અને શિક્ષા ગુરુની વાત વીસરી સર્મપણ ભાવથી વંદે છે. આ દશ્ય રામ ભક્ત મિલનની યાદ અપાવે છે. સહુ સાધકોને ફરી દર્શનનો લહાવો મળે છે. દર્શન થોડું લાંબા સમય સુધી ટકે છે. પણ એમ મન ભરાઈ જાય તો દર્શન શાનું ?

આજે પૂ.'મા' લગભગ બે અઢી વર્ષ પછી બપોરની બેઠકમાં પધારે છે. આજે જાણે સ્વર્ગારોહણે પૂર્વની સહજતાનો સ્વાંગ સજ્યો છે. અને સત્સંગની સહજ યાત્રા શરૂ થાય છે.

આજે સત્સંગ સભામાં તા.૮/૧૨/૧૯૮૦નું 'યોગેશ્વર કથામૃત' વંચાય છે. જેમાં મુલાકાતના સમયે સ્વામિનારાયણ સંપ્રદાયની ગુણાતીત જ્યોત સંસ્થા આણંદમાં છે તેની વાત નીકળે છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ્ત્રીઓ દીક્ષા ન લઈ શકે એટલે ગુણાતીત જ્યોત જે બેનોની સંસ્થા છે તેનો વિરોધ છે એવું એક ભાઈનું મંતવ્ય હતું, તે પરથી પૂ.શ્રી કહે છે. "શ્રીજી મહારાજે સ્ત્રી સાધ્વી ન થઈ શકે એવું ક્યાંયે કહ્યું જ નથી. શિક્ષાપત્રીમાં એવો કોઈ ઉલ્લેખ નથી. સ્ત્રીઓ એ પંથે ન જઈ શકે તેવું થોડું છે ?" કાઠી દરબારોના એ જમાનામાં લાડુબા અને જીવુબા દાદા ખાચરની દીકરીઓ શ્રીજી મહારાજની સેવામાં રહેતી. તુલસીદાસને તુલસીદાસ બનાવનાર રત્નાવલી કેટલી મહાન સ્ત્રી હતી ! ચૈતન્ય મહાપ્રભુને પણ આંટી ખવડાવે એવું તપ કરનાર વિષ્ણુપ્રિયાને લોકો યાદ કરતા નથી. મહાપુરુષોને મહાપુરુષ બનાવનાર સ્ત્રી જ છે. છતાં જગન્નાથપુરીથી વિષ્ણુપ્રિયાને મળવા ચૈતન્ય મહાપ્રભુ ન ગયા. એ રીતે તુલસીદાસજી રત્નાવલીને સમાજના ડરથી ના મળ્યા. કેવો જમાનો હતો ?

પ્રશ્નઃ—હું પચાસ વર્ષથી પૂજા કરું છું. જપ કરવા જોઈએ એવું સ્વામી નિત્યાનંદ સ્થાનની ગણેશપુરીની મુલાકાત લીધી ત્યારથી સમજાયું. નિત્યાનંદને જ ગુરુ માન્યા જપ ધ્યાન કરું છું. મારે દરરોજ ચાર કલાક ચાલ્યા જાય છે. પૂજા, સ્તોત્રો, સ્તુતિ બધું કરું છું. શિવલિંગ, કૃષ્ણ, રામ, સાઈબાબા, માતાજી બધા જ દેવોની પૂજા કરું છું. તો ધ્યાન જપમાં સમય રહેતો નથી શું કરું ?

પૂ.શ્રીઃ—તમને માતાજીમાં વધુ શ્રદ્ધા છે તો તમે એમના જ જપ વધારે કરો. બીજા સર્વ દેવોને પાંચ જ મિનિટમાં એક એક પુષ્પ ચઢાવી, પ્રણામ કરી પૂજા પૂર્ણ કરો. એકને જ વધાવો જપો. બધી સ્તુતિ, પાઠો, સ્તોત્રો આદ્ય શક્તિને જ સંભળાવો. એ બધા જ દેવો પાસે માંગો કે આદ્યશક્તિમાં જ મારી શ્રદ્ધા વધે



તેવા આશીર્વાદ આપો.

પ્રશ્નઃ—અમારા ઘરમાં એક સંન્યાસીનાં પગલાં પડાવ્યા સંન્યાસી પોતાના પુત્રની અનુચિત માગણીથી ગુસ્સે થઈ ગયા. ખૂબ મનાવ્યા. એ પ્રસંગથી મને ખૂબ ખૂબ વિપત્તિ જીવનમાં ચાલુ જ રહી છે તો શું કરું ?

પૂ.શ્રીઃ—એવા સિદ્ધ મહાત્માઓ ક્યાં છે ? જેના ક્રોધથી બોલાયેલાં વચન આપણને નુકશાન કરે ૧૦૦માં ૯૫ ટકા મહાત્મા સામાન્ય છે. ૫% સાચા હશે. ગુસ્સો જેણે કર્યો છે તેને નુકશાન છે તમને શું છે ? (નુકશાન થયું છે) એવું ના માનો. આપણા કર્મો સિવાય આપણને કોઈ સુખી કે દુઃખી કરી શકતું નથી. તમે જે નિત્યાનંદજીને ગુરુ માન્યા છે તે નિત્યાનંદજીને જ ગુરુ માનો એના જેવા સમર્થ પુરુષ બીજા કોઈ ન મળે.

પ્રશ્નઃ—મેં તો નિત્યાનંદજીને ગુરુ તરીકે માન્યા પણ તેમણે મને સ્વીકાર કર્યો હશે કે કેમ ?

પૂ.શ્રીઃ—ગુરુ તમને માને છે કે નહીં તે મહત્ત્વનું નથી તમે માનો છો કે કેમ તે જ મહત્ત્વનું છે. એકલવ્યે ગુરુને માન્યા તેમ તમે પણ માનો તમને લાભ જ થશે.

પ્રશ્નઃ—આપણા ભાગ્યમાં લખાયું હોય તો જ ભક્તિ થાય, ને ન લખાયું હોય તો કેવી રીતે થાય ?

પૂ.શ્રીઃ—ભાગ્યમાં ભક્તિ લખાયેલી જ છે એમ માનો. તમને થોડો ઘણો પણ ધર્મમાં રસ છે. સત્સંગ સંત સમાગમની ઈચ્છા થાય છે તો કંઈક લખાયું જ છે તે. એમ જ માનો ને સત્સંગ કરો.

પ્રશ્નઃ—હું પચાસ વર્ષથી ધ્યાન-જપ કરું છું. મેં રામકૃષ્ણ દેવથી જ શરૂઆત કરેલી હવે તમે જ ગુરુ છો. તમારી પાસે બીજું કંઈ કહેવું નથી મને ખૂબ શાંતિ છે. કોઈ વિપત્તિ જ નથી. તમારી વિશેષ કૃપા ઝંખુ છું.

પૂ.શ્રીઃ—નિયમિત ધ્યાનમાં બેસો. અનુભવો જ્યાં થાય ત્યાં શાંતિ આપોઆપ આવી જ જાય. પછી કોઈ પ્રશ્નો ના રહે.

પ્રશ્નઃ—મારી સાથે આ ભાઈ આવ્યા છે તેમને લગ્ન નથી કરવું તો તમે શો અભિપ્રાય આપો છો ?

પૂ.શ્રીઃ—જુઓ લગ્ન કોણે નથી કરવું ? તે જ બોલે શા માટે નથી કરવું તે વિચાર્યું છે ? પ્રથમ તે નક્કી કરી લો. કેટલાક લગ્ન નથી કરતા કારણ ભય લાગે છે. દુઃખી થઈશું એવી ગણતરી હોય, પગાર ટૂંકો હોય દેવું કરવું પડશે. એમ માને. સારું પાત્ર ન મળતું હોય તો, તમને ખાત્રી હોય કે પવિત્ર જ જીવન જીવવું છે. ગમે તે કહે અને ગમે તે હોય પણ સમય બધો પ્રભુ પાછળ જ ગાળવો છે. એવી દૃઢ રીતે નક્કી કર્યું હોય તો ટકી શકશો.

માનવ એક ઈન્દ્રિયને વશ નથી કરી શકતો તેથી આખી જિંદગી લગ્ન કરી ગુલામીખત લખી આપે છે. દરેક નિર્ણય પોતે કરવાના છે. માટી સલાહ ન કામ આવે. શેઠની શિખામણ ઝાંપા સુધી. પોતે જ પોતાનું માપ કાઢી લેવાનું છે. તે પ્રમાણે પોતે જ નિર્ણય કરવા. પણ આ ભાઈનો સ્વભાવ મા-બાપ આગળ નમી પડવાનો છે એટલે એ લગ્ન કરશે જ ને પછી લગ્નનો ચસકો પણ લાગશે જ.

પ્રશ્નઃ—પુરુષોના સત્કર્મમાં સ્ત્રીઓને ભાગ મળે કે કેમ ?

પૂ.શ્રીઃ—જે ખાય તેનું પેટ ભરાય. જપ સ્ત્રીએ પણ કરવા જ જોઈએ. સ્ત્રીઓ પણ જપ તપ કરે તો ઘરમાં બાળકો ઉપર સંસ્કારો પડે. પવિત્ર વાતાવરણ રહે. ફક્ત સ્ત્રી રોટલા ખવડાવવાવાળી જ છે એવું થોડું છે ? એણે પણ પોતાનું કલ્યાણ કરવાનું છે.

શ્રી યોગેશ્વરકથામૃત પછી સત્સંગ સભામાં પૂ.શ્રી'મા' રાજીવભાઈને કહે છે તમે ઉત્તરકાશીની બસ ઉપાડવાના હો તો પહેલું નામ પૂ.'મા'નું લખજો. સત્સંગ સભામાં ઉત્તરકાશીની હળવાશની વાતો ચાલે છે. ત્યાં જ અચાનક શ્રી સિદ્ધાર્થભાઈ અને માનસભાઈનું ગંગાજી, પૂ.'મા' હિમાલયની ગિરિકંદરાઓનું સુંદર ચિત્ર સાથે આગમન થાય છે.

(પૂ.'મા' હોય સત્સંગમાં અને હાસ્યનું મોજું ન હોય તેવું ભાગ્યે જ બને.)

પૂ.'મા' રાજીવભાઈને કહે ઉત્તરકાશી મોંઘવારીમાં જવાનું અમને ન પોસાય માટે ગંગાજીને અહીં તેડી લાવ્યા છીએ.

ગંગાજીના સતત દર્શનથી અનેક જન્મોની આંખોની અશુદ્ધિઓ ધોવાતી રહે છે. જન્મ્યા ત્યારથી આપણી આંખ



કેટકેટલા દૃશ્યો જોતી આવી છે. તે આંખોને હવે ગંગાજીના દર્શનથી ધોવાની છે. જે કાંઈ જોઈએ વિચારીએ સાંભળીએ કે બોલીએ તેના સૂક્ષ્મ સંસ્કારો મન ઉપર જડાઈ જાય છે. એટલે એ બધા થર ઉખેડવા આ માનવદેહ મળ્યો છે.

આજે શ્રી ગંગાજીની પધરામણી સહજ થઈ છે તો સહુને ગંગાજીનો પ્રસાદ પણ મળે છે.

આજે અંબાજીમાં ગંગાજી પધાર્યા છે.

રામનવમી તેમજ નવરાત્રિને અનુલક્ષીને નિયમિત સુંદરકાંડ શિવમહિમ્ન, પ્રેમસંગીત વિષ્ણુસહસ્રનામનું સરળગીતા પારાયણ અને પ્રભુની D.V.D.નું દર્શન તો રાત્રે ભક્ત જીવન દર્શનનો લ્હાવો પણ છે.

સમય સુંદર રીતે સતત 'મા'નાં દર્શનનો લાભ લેતાં વ્યતીત થાય છે. બેઠકોનું આયોજન સતત તે પ્રવૃત્તિમાં વ્યસ્ત રાખે છે.

હે 'મા' ! હરિરસની હેલીનું પદ જીવનમંત્ર બની જાય તેવી પ્રાર્થના કરીએ છીએ. ''શરણ સ્વીકાર્યું શા માટે યાદ કરીલો મુકામ હવે'' બસ આપને નમતાં ગમતાં જીવનધ્યેયને પ્રાપ્ત કરીએ તે જ પ્રાર્થના. આશિષ દઈ દો આજ અહીં ઉપકારોને ભૂલીએ નહીં.

★

## ॥ નવરાત્રિનિર્ઝર ॥ તા.૩/૪/૨૦૨૨

આજે નવરાત્રિની બીજ છે. પ્રાતઃ પ્રણામ સવારે ૫.૩૦ છે. 'સ્વર્ગારોહણ'ની નીરવ શાંતિ, પક્ષીઓનો કલરવ પૂ.'મા'ની અનન્ય ભાવસભર પ્રણામપૂજા તે સાથે સહુ સાધકોની પ્રણામ પૂજા એક સમર્પિત વાતાવરણ નિર્માણ કરે છે. એક સૂફી સંત કહે છે કે જીવનમાં ઝૂકતાં આવડી ગયું તે જીવન જીતી ગયો અને ઝૂકવાના પાઠ પૂ.'મા' આપણને સતત શીખવી રહ્યા છે. પ્રણામપૂજા પછી ભક્તિવંદનામાં જપતાં 'મા'નું નયનમધુર દર્શન થાય છે. એ દર્શનનાં અવગાહનથી સમગ્ર અસ્તિત્વ પૂ.'મા'ની આસપાસ વીંટળાઈ જાય છે. એ અમીવર્ષાથી ભીંજતાં ભીંજાતાં સહુ વંદનામાં જાણે પૂ.'મા'ને વીંટળાઈ વળે છે.

આજે પણ પૂ.શ્રી'મા' બપોરની સત્સંગબેઠકમાં પધારે છે.

આજે સત્સંગની બેઠકમાં તા.૬/૨/૮૧નું 'શ્રી યોગેશ્વરકથામૃત' વંચાય છે. તેમાં સુંદર પ્રશ્નોત્તરી છે. પૂ.શ્રીના હૃદયસોંસરવા ઉતરી જાય તેવા ઉત્તરો છે.

પ્રશ્નઃ—શિવજીને ભાંગ ચઢાવે છે તે યોગ્ય છે ? તે ભાંગ પ્રસાદ તરીકે લે છે તે ?

પૂ.શ્રીઃ—શિવને અર્પણ કરે પણ આરોગે તો ભક્તો જ ને ! એટલે પ્રસાદના નામે બધું ચલાવે છે.

પ્રશ્નઃ—તમે પ્રાર્થના કેવી રીતે સાંભળો ? બધી જ સાંભળો ?

પૂ.શ્રીઃ—ભગવાનને સંભળાય. ખરા હૃદયની હોય તો જવાબ આપવો હોય તો આપે. પ્રાર્થના બધી જ સાંભળે પણ યોગ્ય હોય તેનો જવાબ આપે. જવાબ આપવા તે બંધાયેલો નથી.

પ્રશ્નઃ—ભક્ત કોને કહેવાય ?

પૂ.શ્રીઃ—ભગવાનને ભજે તે ભક્ત વિષયોને ભજવા નહીં. ભગવાનને ભજવાથી જ આપોઆપ એ બધા ગુણો આવી જ જાય. વાણી, મન પવિત્ર બને. ભજવાની ભાવનાથી એ બધું થઈ જાય. ભજવા માટે વહેલા ઊઠો. ભજવાથી દ્વેષભાવ ઓછા થાય. ઝાડ નીચે બેઠા એટલે છાયા, ડાળ, પાંદડાં, ફળ પણ આપોઆપ મળે. તે બધાં જ લાભો અહીં મળે. શરીર, મન, વાણીથી ભજો. ભગવાનના સ્વરૂપોની શરીરથી સેવા, વાણીથી નામસંકીર્તન કરો, ગદ્‌ગદ્‌ ભાવે નામ જપો તે વાણીનું ભજન, આંખથી સંત દર્શન, દેવદર્શન તે આંખથી ભજો એમ કહેવાય.

પ્રશ્નઃ—બાધા રાખી હોય તે વસ્તુ પ્રસાદમાં મળે તો શું કરવું ?

પૂ.શ્રીઃ—શાસ્ત્રો કહે છે પ્રસાદનો અનાદર ન કરવો. પ્રસાદ લઈ લેવો. અગિયારસ હોય તો તે બારસને દિવસે લેવો. અથવા જે બાળકોને ન મળ્યો હોય તેને આપી દો. લીધા પછી તમારે શું કરવું તે તમારે નક્કી કરવાનું છે. પ્રસાદના અપમાનથી પરિણામ ખોટું પણ આવે.

પ્રશ્નઃ—ભગવાનનો અંશ જીવ છે તો તે કેમ માયામાં લપેટાય છે ?

પૂ.શ્રીઃ—જીવ શક્તિમાન છે તે ભૂલી જાય છે. તેને યાદ કરાવો, ભાન કરાવો, તરત જ યાદ આવશે. જીવને ફટકાર કર્યા કરો. આપણે જ આપણા જીવને ફટકારશું. તું દીન હીન



કંગાળ બનીને શું બેઠો છે ? તું કોણ છે જરા તો વિચાર ! જેનાથી મોહ થયો તેનું કારણ શોધો. અજ્ઞાનથી મોહ થયો તો જ્ઞાનથી મટે. જ્ઞાન સ્વરૂપનું આપો.

પ્રશ્નઃ—માણસના મૃત્યુ પછી આત્મા ક્યાં જાય ? પુનઃ જન્મ થાય ?

પૂ.શ્રીઃ—આત્મા ક્યાં જાય તે તો યોગીઓ ભક્તો જાણી શકે. કર્મના ફળ ને વાસના પૂરી કરવા જન્મ લેવો જ પડે છે.

પ્રશ્નઃ—એક બાળક : આપણે ધ્યાનમાં બેસીએ ત્યારે માયાની જ બધી વસ્તુ દેખાયા કરે.

પૂ.શ્રીઃ—દેખાય જ ને ! હજારો જન્મોથી એ વાત આપણે જોતા આવીએ એટલે એવું જ થાય. પાડો જોયો છે ? હા, ઝાડ નીચે બેઠેલા પાડાને તમે જુઓ. પાડો પોતે ખાધેલો ખોરાક જ વાગોળ્યા કરે છે. તેવું મન પાડા જેવું છે. પાડો જેમ ખાધેલું વાગોળ્યા કરે તેમ મન અનેક જન્મોનું જાણેલું, સાંભળેલું, અનુભવેલું વાગોળ્યા કરે. ત્યારે સારા વિચારો મનમાં લાવીએ જેથી ખરાબ વિચારો આપોઆપ ચાલ્યા જાય.

પૂ.માઃ—લગભગ બે અઢી વર્ષે આ રીતે તમારી વચ્ચે સત્સંગ માટે 'મા'ને હાજર કર્યા. વિતેલા બે વર્ષમાં બધા પાસે વિવિધ ભાથું ભેગું થયું છે. જેમકે અહીં બેઠેલા જ્યોત્સ્નાબહેન વેન્ટીલેટર પરથી અહીં આવી ગયા છે. આપણે કેટલાક સ્વજનોને પણ વિદાય આપી. વિતેલું વર્ષ જાણે સહુને જગાડી ગયું એટલે જાગેલા જીવો સાધુ થવા ઉત્તરકાશી સાધુ થવા પહોંચી ગયા. क्षिणे पुण्ये मृत्यु लोके विशन्ति । તેમ હિમાલયથી પાછા આવી ગયા. હિમાલયની પવિત્ર ભૂમિપર જાગવા માટે રહી શક્યા. એટલું તો કામ થયું ને ! પૂ.શ્રી કહેતાં માતાજી અમારી સાથે દેવપ્રયાગમાં રહેતા તે રહેવું એ જ એક તપ ગણાય. જે જે ઉત્તરકાશી જઈ આવ્યા તે તે તપસ્વી ગણાય. મંદિરમાં બધા જ જાય પણ ત્યાં રહીને શું કર્યું તે જ મહત્ત્વનું છે. અમે 'સ્વર્ગારોહણ' જઈ આવ્યા ત્યાં ડ્રેસ-મટીરીઅલ સાવ સસ્તા મળે છે લઈ આવ્યા. 'સ્વર્ગારોહણ' શા માટે ગયા ત્યાં જઈ શું કર્યું તે મહત્ત્વનું છે. આપણે તો ફ્લેગ સ્ટેશને ઉતરી જનારા યાત્રીઓ છીએ. અહીં આવ્યા છો તો સતત સેવા શોધતા રહો. મૌન રહીને સાધના કરો. કોરોનામાં સહુ જીવી ગયા. તે પણ

કૃપા જ ગણાય. વેન્ટીલેટર પર છીએ એવું માનીએ તો જાગતા રહેવાય.

'સ્વર્ગારોહણ'નો અમારો વિભાગ જાણે રક્ષાકવચ બની ગયો. કોરોનાના ભોગ બનેલા સહુ દર્દીઓની વીતકકથા કેવી હશે એ સાંભળીને આપણા પર પ્રભુની કેવી કૃપા છે તે જણાય. વીત્યું વેદના જાણે. આપણે બધા એ ક્ષેત્રે બચી ગયા છીએ તો જે કરવાનું છે તે કરી લઈએ.

શ્રી શ્રી 'મા' કરુણામૂર્તિ છે. એમની કરુણાનો વિચાર કરતાં કરતાં આંખો સહજ રીતે વરસવા માંડે હૃદય ઉભરાઈને છલકાઈને વહેવા માંડે. પોતાના ભક્ત બાળકોની દર્શનની ઈચ્છાને પૂરી કરવા કેટલું કષ્ટ વેઠે એની સંવેદનશીલતાની ચરમસીમા દેખાઈ આવે તેમની ઋજુતા જાણે દેહ ધારણ કરી લેતી હોય તેવું દેખાય. પ્રાતઃદર્શન ખૂબ ખૂબ દિવ્ય લાગે ! એ દર્શન ગેલેરી કેટલા ફૂટની એનું ભૌતિક માપ ગમે તે હોય પણ આધ્યાત્મિક માપ ખૂબ મોટું. સૌના દર્શન ઝંખતા નેત્રોનો વિરામ. 'મા'ના આધ્યાત્મિક અમીસ્પંદનો ઝીલવાનું જાણે પરમધામ ! ત્યાંની રજેરજ ચેતનવંતી તે સ્પર્શને તો જડ-ચેતન જેવું ક્યાં છે ! તે તો સ્વયં ચૈતન્યમયી છે. બધું ત્યાં જીવંત છે. 'સ્વર્ગારોહણ'નો કણેકણ એ સ્પર્શથી જીવંત છે માટે તો 'સ્વર્ગારોહણ' જીવંત તીર્થ છે. તે ભૂમિ જપની સાક્ષી, તપની સાક્ષી, દિવ્ય દર્શનોની સાક્ષી, અઢળક અનુભૂતિઓની સાક્ષી અને પ્રેમનાં અમીસ્પંદનોની ગંગા. એમાં ડૂબકી ન મરાય. ડૂબી જ જવાય.

પ્રસાદની વર્ષા જ્યારે થાય ત્યારે તો એ દર્શન પૂરું ન થાય તેવી ઝંખના રહે. પૂ.'મા'ની લીલાઓ નિહાળતાં નિહાળતાં શ્રી કૃષ્ણચરિત્ર યાદ આવી જાય શ્રીમદ્ ભાગવતનો દશમસ્કંધ આપણી સામે જીવંત થઈ જાય. દિવસનો મોટો ભાગ ગરમી નહોતી ત્યાં સુધી તો એ દર્શન ગેલેરીમાં ભક્ત બાળકોને સતત દર્શન આપ્યાં જ કરે. એ સીમિત જગ્યામાં ઘણાં કલાકો વિતાવવા એની કલ્પના પણ અશક્ય તે 'મા' જ કરે માત્ર તેમના બાળકો પરનો પ્રેમ. આ નિર્વ્યાજ પ્રેમનું દર્શન ક્યાં થાય ? આપણી પાસેથી એમને શું જોઈએ ! આપણો આધ્યાત્મિક વિકાસ આપણા દુર્ગુણોનો નિકાલ ! આપણી પ્રભુદર્શનની



ઝંખના ! ને નિષ્ઠા તેની સામે કેટકેટલું આપે ! તેમનું ભાવજગત કેવી સરસ વાત કરે પ્રત્યેક કલાકે થતું મંત્રગાન એ ભૂત ભાવિ વર્તમાનની જાગૃતિ માટે ખરું પણ કહે હવે એવું લાગે પ્રભુ પ્રત્યેક કલાકે ત્રણ ડગલાં ચાલીને આપણને લેવા આવે છે. કેવી મધુર કલ્પના ! કેવો દિવ્ય સંદેશ !

આ મહાદેવીને પામી આપણે સૌ ધન્ય થયા છીએ. 'સ્વર્ગારોહણ' પધારેલા ભાણદેવજીનો એમના દર્શનની ઝલકનો આગ્રહ આપણા મહાભાગ્યનો પુરાવો છે. સિદ્ધ કોટિએ પહોંચેલા સંત કહે હું તો અહીં કંઈ પામવા આવ્યો છું ત્યારે આપણને આપણી જાતને ઢંઢોળવાનું મહાટાણું પ્રાપ્ત થાય છે. પ્રાર્થના થઈ જાય છે હે મા ! તું અમારા સહુ પર આટલું ઢળી આટલું વરસી ! અમને સહુને શક્તિ આપ હે 'મા' અમે તને અપેક્ષિત કંઈ કરી શકીએ.

કોરોના કાળના નીતિનિયમો થોડા ભારે હતા પણ એ સામે પૂ.'મા'એ કેટલું જોખમ લીધેલું હતું. સ્વર્ગારોહણ સાધકો આવતા જ હતા. ક્યારેક ટેસ્ટ કર્યા પછી પણ કોરોના પોઝિટીવ થતો એ બધા સમયમાં પણ એમણે કેટલી કૃપા કરી ! જોખમ તો હતું જ પણ આપણા પરના પ્રેમની સામે તેમણે તેને નગણ્ય ગણ્યું. ઑગસ્ટનો પ્રોગામ દિવાળીનો પ્રોગામ એ બધામાંથી સહીસલામત માત્ર અને માત્ર એ દયાની દેવીની કૃપાથી જ બહાર અવાયું એ કાળને જાણે એણે કંપાવી દીધો. શ્રી સાંઈબાબાએ રોકેલી મહામારીનું દર્શન કરાવ્યું.

હે આનંદમયી કરુણામયી 'મા' આપને લક્ષકોટિ પ્રણામ. જીવન સંપૂર્ણપણે આપના શ્રીચરણે જ વીતે બીજું કંઈ જ ન ખપે. હવે માત્ર આપ આપ. અને આપ જ. આપે જીવનમાં કંઈ જ આપવાનું બાકી રાખ્યું નથી. કશાની ઝંખના પણ નથી. એ ચરણમાં સ્થિર કરી દો એ ચરણ જ સર્વના ઉદ્ધારક જ છે. આપનો પ્રત્યેક શ્વાસ અમારા કલ્યાણ માટે જ છે હે 'મા' ! એ કલ્યાણમય શ્વાસને પ્રાર્થના, સાધના, વ્રત, તપ, જપથી વધાવીએ.

**—શ્રી જ્યોત્સ્નાબહેન ત્રિવેદી**